TUESDAY
૦૫-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, માગશર વદ ૬
અંક : ૭૮
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર



નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭



● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪


### ખેડૂતો અને સરકાર વચ્ચેની મંત્રણા "દળી દળીને ઢાંકણીમાં" કહેવતને સાર્થક કરી રહી છે

# જ્યાં સુધી કાયદો ત્યાં સુધી આંદોલન : મંત્રણા નિષ્ફળ

નવી દિલ્હી,તા.૪

સરકાર તરફથી મીટિંગમાં કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, રેલવે મંત્રી પીયૂષ ગોયલ અને વાણિજ્ય રાજ્ય મંત્રી સોમ પ્રકાશ હાજર છે. આ દરમિયાન તેમણે ૨ મીનિટનું મૌન રાખીને આંદોલનમાં જીવ ગુમાવનાર ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપી હતી.

કેન્દ્ર અને ખેડૂત વચ્ચેની ૮માં તબક્કાની બેઠક ફરી કોઈ પણ જાતના પરિણામ વગર પૂર્ણ થઈ છે. વિજ્ઞાન ભવનમાં લગભગ ૪ કલાક સુધી ચાલેલી બેઠક પછી ખેડૂતોએ કહ્યું કે અમે કેન્દ્રની સામે કૃષિ કાયદાને પરત ખેંચવાની જ વાત રાખી. તેઓએ કહ્યું કે જ્યાં સુધી કાયદો પરત નહીં લેવામાં આવે ત્યાં સુધી ઘર વાપસી પણ નહીં થાય. MSPને કાયદાકીય રૂપ આપવાના મુદ્દે પણ ખેડૂતો અને કેન્દ્રમાં સહમતિ ન બની. ખેડૂત નેતા રાકેશ ટિકેતે કહ્યું, '૮ જાન્યુઆરીએ સરકારની સાથે ફરી મુલાકાત થશે. ત્યારે પણ અમારો મુદ્દો MSP અને કાયદાને પરત ખેંચવાનો જ રહેશે.'

આજની બેઠક દરમિયાન લંચ દરમિયાન સરકારે ખેડૂતો માટે જમવાની વ્યવસ્થા કરી હતી. પરંતુ, ખેડૂતોએ સરકારનું ખાવાનું ખાવાનો ઈનકાર કરી દીધો હતો. તેઓએ પોતાના લંગરમાંથી આવેલું જમવાનું જ જમ્યા. ખેડૂતોની બેઠક દરમિયાન લગભગ ૨૦૦ લોકોનું ખાવાનું લંગરથી વિજ્ઞાન ભવન પહોંચાડવામાં આવ્યું હતું. છેલ્લી મીટિંગમાં પણ ખેડૂતોએ લંગરનું જ ખાવાનું ખાધું હતું. તે સમયે કેન્દ્રીય મંત્રીઓએ પણ ખેડૂતોની સાથે જ લંચ કર્યું હતું.



દર વખતની જેમ આ વખતે પણ ખેડૂતો પોતાનું જમવાનું સાથે જ લઈને આવ્યા છે. લગભગ ૨૦૦ લોકોનું જમવાનું લંગરથી વિજ્ઞાનભવન પહોંચાડવામાં આવ્યું છે. ગત વખતની મીટિંગમાં કેન્દ્રીય મંત્રીઓએ ખેડૂતો સાથે ભોજન લીધું હતું.

દર વખતની જેમ આ વખતે પણ ખેડૂતો પોતાનું જમવાનું સાથે જ લઈને આવ્યા છે. લગભગ ૨૦૦ લોકોનું જમવાનું લંગરથી વિજ્ઞાનભવન પહોંચાડવામાં આવ્યું છે. ગત વખતની મીટિંગમાં કેન્દ્રીય મંત્રીઓએ ખેડૂતો સાથે ભોજન લીધું હતું.



સરકારને આશા છે કે આજે આંદોલન સમાપ્ત થઈ શકે છે, સાથે જ ખેડૂત સંગઠનોએ કહ્યું હતું, સરકાર માગ નહીં સ્વીકારી તો આંદોલન વધુ ઉગ્ર બનશે. ખેડૂતનેતા મનજિત સિંહ રાયે કહ્યું હતું કે વાતચીતનું પરિણામ નહીં નીકળે તો ૧૩ જાન્યુઆરીએ કૃષિ કાયદાની કોપી સળગાવીને લોહડીની ઉજવણી કરીશું. ભારતીય ખેડૂત યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું હતું કે આંદોલન દરમિયાન અત્યારસુધીમાં ૬૦ ખેડૂતોનાં મોત થઈ ચૂક્યાં છે. દર ૧૬ કલાકમાં એક ખેડૂતનું મોત થઈ રહ્યું છે. સરકારની જવાબદારી બને છે.

ઓલ ઈન્ડિયા ખેડૂત સભાના મહાસચિવ હન્ના મોલાએ કહ્યું હતું કે આ તો સરકાર પર નિર્ભર છે કે તે ખેડૂતોની સમસ્યાનો નિવેડો લાવવા માગે છે કે પછી તેના વિરુદ્ધ કાવતરું કરીને તેમના સંઘર્ષને નબળો કરવા માગે છે. અમને આશા છે કે સરકાર માનવીય વિચાર રાખશે. ખેડૂત આંદોલનના સમર્થનમાં પંજાબ અને હરિયાણામાં જે રિલાયન્સ જિયોના ટાવર અને ઓફિસમાં ગત દિવસોમાં ઘણી તોડફોડ થઈ હતી. એવામાં રિલાયન્સે સોમવારે પંજાબ-હરિયાણા હાઈકોર્ટમાં અરજી કરી. કંપનીએ કહ્યું હતું કે સરકારે તાત્કાલિક દખલ કરીને ગુંડાગર્દી અટકાવવી જોઈએ. આવાં હિંસક કામોથી હજારો કર્મચારીઓનાં જીવન જોખમાયાં છે અને કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઘણું નુકસાન થયું છે, સાથે જ કહ્યું હતું કે કોન્ટ્રેક્ટ ફાર્મિંગ સાથે અમારે કોઈ લેવાદેવા નથી.

ખેડૂત મજૂર સંઘર્ષ સમિતિ, પંજાબના જોઈન્ટ સેક્રટરી સુખવિંદર સિંહે કહ્યું હતું કે કૃષિ કાયદાને પાછા લેવા અને MSPની ગેરંટી માગ પૂરી નહીં થાય તો ૬ જાન્યુઆરીએ પણ ટ્રેક્ટર માર્ચ કાઢશે.

## પહેલા મોદી વેક્સિન લે પછી અમે લઈશું : કોંગી નેતાની માંગ

(જી.એન.એસ.)પટના,તા.૪

દેશમાં કોરોનાની બે વેક્સીનને મંજૂરી મળ્યા બાદ જોરદાર રાજકારણ ગરમાયું છે. એકબાજુ ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવએ વેક્સીન લેવાની ના પાડી દીધી અને તેનું કારણ જણાવ્યું કે આ તો ભાજપની વેક્સીન છે. તો બીજીબાજુ બિહારમાં કોંગ્રેસના ધારાસભ્ય અજીત શર્માએ પણ હવે ઉંબાડિયું કર્યું છે. કોંગ્રેસના ધારાસભ્ય દળના નેતા અજીત શર્મા એ માંગણી કરી છે કે જે રીતે રસીને લઈ પ્રજાનો વિશ્વાસ જીતવા માટે રૂસ અને અમેરિકાના રાષ્ટ્રપતિ એ પહેલાં રસી લીધી હતી તેવી જ રીતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કોરોનાની પહેલાં રસી લેવી જોઈએ જેથી કરીને પ્રજાની વચ્ચે તેને લઈ વિશ્વાસ વધે. અજીત શર્માએ માંગણી કરી છે કે વડાપ્રધાન મોદીની સાથે ભાજપના વરિષ્ઠ નેતા પણ કોરોનાની રસી સૌથી પહેલાં લે જેથી કરીને લોકોની વચ્ચે રસીને લઈ વિશ્વાસ ઉભો થાય. તેમણે કહ્યું કે નવા વર્ષમાં બે વેક્સીન આવી છે. આ ખુશીની વાત છે પરંતુ તેને લઈ લોકોની વચ્ચે શંકા પણ છે. આ શંકાને દૂર કરવા માટે જે રીતે રશિયા અને અમેરિકાના રાષ્ટ્રાધ્યક્ષે પહેલાં રસી લઈ લોકોનો વિશ્વાલ વધાર્યો છે.

## જિનપિંગની ટીકા કરનાર ચીની બિઝનેસમેન જેક મા છેલ્લા બે મહિનાથી લાપતા : અપહરણની આશંકા

(જી.એન.એસ.)બેઈજિંગ,તા.૪

ચીનના અબજોપતિ ઉદ્યોગપતિ જેક છેલ્લા બે મહિનાથી જાહેરમાં દેખાયા નથી અને તેઓ બે મહિનાથી ગાયબ હોવાની વાત બહાર આવી છે. આ મુદ્દા પર ચીનમાં જાતજાતના તર્કવિતર્ક થઈ રહ્યા છે.

ચીનના અરબપતિ ઉદ્યોગપતિ અને ઈ-કોમર્સ જાયન્ટ અલીબાબા અને આંટ ગ્રુપના માલિક જેક મા ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગના નિશાને આવ્યાં બાદ તેઓ કોઈ પણ જાહેર કાર્યક્રમમાં નજર આવ્યાં નથી. જ્યારે તેમની કંપની પર સતત કાર્યવાહી ચાલી રહીં છે. જેક મા આ રીતે ગાયબ થયા બાદ અનેક શંકા કુશંકા સેવાઈ રહીં છે.



જેક મા ચીનમાં મોટાભાગે જાહેર કાર્યક્રમમાં વક્તા તરીકે જોવા મળ્યાં છે અને પોતાના મોટિવેશનલ ભાષણોના કારણે પણ યુવાનોમાં ખુબ લોકપ્રિય છે. તેમણે ગત વર્ષે ઓક્ટોબરમાં શાંઘાઈમાં એક કાર્યક્ર દરમિયાન ચીનના વ્યાજખોર નાણાકીય નિયમનકારો અને સરકારી બેંકોની ઝાટકણી કાઢી હતી. જેક માએ સરકારને અપીલ કરી હતી કે સિસ્ટમમાં સુધાર લાવાની અપીલ કરી હતી. તેમણે વૈશ્વિક બેંકિંગ નિયમોને વૃદ્ધો લોકોની ક્લબ ગણાવી હતી.

જેક માના ભાષણ બાદ ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટી ભડકી ઉઠી. જેક મા ની ટીકાને કોમ્યુનિસ્ટ પાર્ટી પર હુમલો તરીકે જોવામાં આવ્યો અને ત્યાર બાદથી તેમના માઠા દિવસો શરૂ થઈ ગયા. તેમનના ધંધાની સામે જાત-જાતની તપાસ શરૂ થવા લાગી. રાષ્ટ્રપતી શી જિનપિંગના ઈશારે ચીની અધિકારીઓએ જેક માને ઝાટકો આપતા ગત વર્ષે નવેમ્બરમાં તેમના એન્ટ ગ્રુપના ૩૭ અરબ ડોલરનો આઈપો લિસ્ટિંગ થતો અટકાવી દીધો. એક મીડિયા રિપોર્ટમાં તેની ખાતરી કરતો લેખ છપાયો જેમાં સ્પષ્ટ જણાવમાં આવ્યું કે જેક માના એન્ટ ગ્રુપનો આઈપીઓ રદ્દ કરવાનો સીધો આદેશ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગએ આપ્યો હતો.

## ભારતીય વેક્સિનની દુનિયામાં જબરી માંગ બ્રાઝિલ કોવેક્સિનના ૫૦ લાખ ડોઝ ખરીદશે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૪

ભારતમાં ગઈકાલે બે કોરોના વેક્સિનને ઉમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી હતી. જે પૈકી ભારતીય કંપની ભારત બાયોટેકની વેક્સિન કોવેક્સિનની ડિમાન્ડ દુનિયામાં જોવા મળી રહી છે. બ્રાઝિલિયન એસોસિએશન ઓફ વેક્સીન ક્લિનિક્સે ભારય બાયોટેક સાથે સમજૂતી કરી છે. જે હેઠળ બ્રાઝિલને કોવેક્સિનના ૫૦ લાખ ડોઝ આપવામાં આવશે. આની પર અંતિમ મહોર બ્રાઝિલિયન હેલ્થ રેગ્યુલેટર અન્વિસાની અનુમતિ બાદ લાગશે. ભારત બાયોટેકે અત્યારે એ જણાવ્યું નથી કે તે કેટલી અસરકારક છે. હા, એમ જરૂર કહ્યું છે કે એ ઉપયોગ માટે ૧૦૦% સુરક્ષિત છે. આ દરમિયાન એમ્સના ડિરેક્ટર ડોક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું હતું કે બીજો ડોઝ લેવાના ૨ સપ્તાહ પછી શરીરમાં એન્ટીબોડિઝ ડેવલપ થશે. જ્યારે ડીસીજીઆઈએ જણાવ્યું હતું કે, બન્ને રસીની સામાન્ય સાઈડ ઈફેક્ટ છે. જેમ કે, સામાન્ય તાવ, એલર્જી વગેરે. પરંતુ બન્ને જ રસી ૧૦૦% સુરક્ષિત છે. રસીને કારણે નપુંસક થવા જેવી વાતો ખોટી છે. આઈસીએમઆરના મહાનિર્દેશક પ્રો. બલરામ ભાર્ગવે જણાવ્યું કે, આ રસી સંપૂર્ણ રીતે સુરક્ષિત છે.






## અરબાઝ ખાન, સોહેલ ખાન અને નિર્વાણ ખાન વિરુદ્ધ કોરોના નિયમનો ભંગ કરવા બદલ ગુનો દાખલ

ચક્રવાત ટીમ મુંબઈ,તા. ૪

ફિલ્મ અભિનેતા અરબાઝ ખાન. સોહેલ ખાન અને નિર્વાણ ખાન ૨૫મી ડીસેમ્બરે દુબઈથી ભારત આવ્યા હતા અને તેમણે સરકારના નિયમ મુજબ સાત દિવસ માટે kroontain થવાનો હતો આ માટે તાજ લેન્ડ હોટેલમાં બુકીગ પણ કરાવ્યું હતું પરંતુ સોહેલ ખાનના જણાવ્યા મુજબ તેમનો ત્રણેયનો કોરોના ટેસ્ટ નેગેટીવ આવતા પોતપોતાના ઘરે ગયા હતા. આ ઘટનાની જાણ થતા મહાપાલિકા રીફ્રઙ્ઘર વિભાગના ડોક્ટર સોહેલકના ઘરે ગયા હતા અને પૂછતાં તેણે જવાબ આપ્યો હતો કે અરબાઝ. નિર્વાણ અને પોતે ૨૫ ડિસેમ્બરે દુબઈથી મુંબઈ પરત



પાછા ફર્યા હતા. એરપોર્ટ પર તેમનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવવાને કારણે ત્રણેય મારા ઘરે ગયા હતા. તેમણે હોટલ તાજલન્ડ્સમાં બુકિંગ પણ કરાવ્યું હતું. સરકારના આદેશ પ્રમાણે વિદેશથી પરત આવેલી તમામ વ્યક્તિઓ એ સાત દિવસ માટે ફરજિયાત ।હિંટ્રૈહ થવાનું હોય છે અને ઘરે જવાની પરવાનગી નથી હોતી. આ ત્રણેય વ્યક્તિઓએ આદેશનો ભંગ કરી અને ઘરે જઈ પોતાની તેમજ અન્યોની જીંદગી જોખમમાં મુકી હોવાને કારણે ત્રણેય વિરુદ્ધ ખાર પોલીસ-સ્ટેશનમાં કોરોના નિયમ ભંગની ફરિયાદ નોંધવામાં આવી છે.

## ગાઝિયાબાદ દુર્ઘટના મૃત્યુઆંક વધીને ૨૫એ પહોંચ્યો

(જી.એન.એસ.)ગાઝિયાબાદ,તા.૪

દિલ્હીને અડીને આવેલા ગાઝિયાબાદના મુરાદનગરમાં સ્મશાનમાં થયેલી દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૫ લોકોનાં મોત નીપજ્યાં છે. આ ઘટનાની નોંધ લઈ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તાત્કાલિક રાહત અને કાર્યવાહી પ્રદાન કરવા સૂચના આપી હતી. કોન્ટ્રાક્ટર, મ્યુનિસિપલ એક્ઝિક્યુટિવ ઓફિસર સહિત ઘણા લોકો સામે એફઆઈઆર નોંધાઈ છે. આ કેસમાં ઈઓ, એન્જીનિયર અને સુપરવાઈઝરની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે કોન્ટ્રાક્ટર ફરાર છે. આ તે લોકો છે જેની બેદરકારીથી ગાઝિયાબાદના મુરાદનગરમાં બે ડઝનથી વધુ લોકોની જીંદગી છિનવાઈ ગઈ હતી.

## સાઉદી અરબમાં મહિલાઓ માટે છુટ્ટો દોર : નામ બદલવા માટે હવે માતા-પિતાની મંજૂરીની જરૂર નહીં

(જી.એન.એસ.)રિયાધ,તા.૪

મહિલાઓ માટે ખૂબ જ કડક કાયદાઓવાળા ઈસ્લામિક દેશ સાઉદી અરબમાં પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. હાલમાં જ કરવામાં આવેલ ફેરફારો હેઠળ મહિલાઓને આ અધિકાર આપવામાં આવ્યો છે કે તેઓ તેના માતા-પિતાની મંજૂરી વિના પણ નામ બદલી શકે છે. અગાઉ આ માટે પરિવારની પરવાનગી જરૂરી હતી.

સાઉદીના ગૃહ મંત્રાલયે આ માહિતી આપી હતી. નવા કાયદા હેઠળ, હવે સાઉદી અરબમાં કોઈ મહિલા અથવા પુરુષ નામ સહિત પોતાને સંબંધિત મહત્વપૂર્ણ ડેટામાં બદલાવ કરી શકે છે. પહેલા ઘરના વાલીની પરવાનગી લીધા વિના ફક્ત પુરુષોને જ આ કરવાનો અધિકાર હતો. હવે આ અધિકાર મહિલાઓને પણ આપવામાં આવ્યો છે.

દેશમાં મહિલાઓની સ્થિતિ સુધારવા માટે સાઉદી અરબએ તાજેતરના સમયમાં ઘણા ફેરફારો કર્યા છે. ૨૦૧૮માં પહેલી વાર દેશમાં મહિલાઓને વાહન ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી. વળી, પહેલી વાર સ્ત્રીઓને પુરૂષ વાલી વગર એકલા ફરવા દેવા માટેની પણ મંજૂરી આપવામાં આવી હતી. સાઉદી અરેબિયાની મહિલાઓ પણ હવે પાસપોર્ટ માટે જાતે અરજી કરી શકે છે.

## દેશને આત્મનિર્ભરતાના પાઠ ભણાવી દિલ્હી-મેરઠ રેપિડ રેલ પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ ચીની કંપનીને આપ્યો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૪

દિલ્હીથી મેરઠની વચ્ચે બની રહેલા રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમના એક સેક્શનનો એક કૉન્ટ્રાક્ટ ચીનની એક કંપનીને આપવામાં આવ્યો છે. ગત વર્ષે સરહદ પર ચાલી રહેલા તણાવની વચ્ચે આ કંપનીનો કરાર રોકી દેવામાં આવ્યો હતો. નેશનલ કેપિટલ રિઝન ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશનએ સાહિબાબાદના દિલ્હીથી ન્યૂ અશોક નગરથી ગાઝિયાબાદના સાહિબાબાદ સુધીના ૫.૬ કિમી લાંબા અંડરગ્રાઉન્ડ સ્ટ્રેચને બનાવવાનો કરાર શંઘાઈ ટનલ એન્જિનિયરિંગ કંપની લિમિટેડને આપ્યો છે. એનસીઆરટીસી દ્વારા દેશના પહેલા રિઝનલ રૈપિડ રેલ ટ્રાન્ઝિટ સિસ્ટમનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ગત વર્ષે જૂનમાં આના પર ઘણો જ વિવાદ થયો હતો, જ્યારે ભારત-ચીન સરહદ વિવાદની વચ્ચે એ સમાચાર આવ્યા હતા કે ચીની કંપનીએ સૌથી ઓછી કિંમતની બોલી લગાવી છે. આ વિવાદને જોતા ચીની કંપનીના કરાર પર રોક લગાવી દેવામાં આવી હતી. રિપોર્ટ પ્રમાણે એનસીઆરટીસીનું કહેવું છે કે આ કરાર નક્કી કરવામાં આવેલી પ્રક્રિયાઓ અને નિર્દેશો પ્રમાણે થયો છે. એનસીઆરટીસીના પ્રવક્તાએ કહ્યું કે, "કરારને લઈને મંજૂરી અનેક સ્તર પર આપવામાં આવી છે.

# મુળી તાલુકાના ખેડૂતોની મદદ માટે ખેડુત એકતા મંચ સુરેન્દ્રનગર દ્વારા મીડિયાને આહવાન કરાયું



ચક્રવાત ટીમ પુનાભાઈ વકાતર,તા.૪

મુળી તાલુકાનાં ગોદાવરી અને શેખપર ગામોમાં ખેડૂતો ની જમીન માં કંપની દ્વારા ઊભા પાકમાં વિજ ટાવર ઉભા કરવામાં આવી રહ્યાં છે ખેડૂતો ને એક રૂપિયો વળતર આપ્યું નથી અને કામ ચાલુ કરી દીધું છે ત્યારે ખેડૂતો એ આ બાબતે કલેકટર ને પણ રજુઆત કરવામાં આવી હતી તેમ છતાં ખેડૂતો ને છેતરી કાગળ કોરા માં અમુક ખેડૂતો ની ધાકધમકી આપી સહી લઈ લીધાનો પણ ખુલાશો થયેલ છે હાલ કંપની અને તંત્ર ના અધિકારી ઓ બંને એક થઈ ખેડૂતો ને દબાવવા નો ધાકધમકી નો નિંદનીય પ્રયાસ કરી ઉભા પાકમાં નુકસાન કરી એક રૂપિયો વળતર આપ્યા વગર કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે ખેડૂતો નાં વહારે તા ૨-૦૧-૨૦૨૧ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે ખેડુત એકતા મંચ સુરેન્દ્રનગર જીલ્લા ની ટીમ અને પ્રમુખશ્રી રાજુભાઈ કરપડા રૂબરૂ ગોદાવરી અને શેખપર ગામોમાં ખેતર ઉપર જ ખેડૂતો ને મળી આગામી લડત માટે આયોજન કરનાર હોય અને આ કામ અટકાવવાની કામગીરી કાયદાકીય રીતે કરવામાં આવશે તો આ ખેડૂત ની વહારે તમામ પત્રકાર મિત્રો હાજરી આપી અમારો અવાજ બુલંદ બનાવી સરકાર નાં બહેરા કાન સુધી પહોંચાડવા માટે આપ પત્રકાર મિત્રો મદદરૂપ થશો. રાજુભાઈ કરપડા, ખેડૂત એકતા મંચ સુરેન્દ્રનગર જીલ્લા પ્રમુખ શ્રી એ આહવાન કરેલ છે.

# ધોકડવા પીજીવીસીએલ લાઈટ બીલની કેસ બારી સમય પહેલા બંધ થતા પ્રજા હેરાન




ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૪

ધોકડવા ગામે પીજીવીસીએલ પેટા કચેરી હેઠળ અનેક ગામો આવેલા છે. જ્યારે આજુબાજુના તેમજ છેવાડાના લોકો પોતાનું વિજ બિલ ભરવા માટે આવતા હોય છે. પરંતુ વિજ બીલની કેસ બારીમાં જે સમય લખવામાં આવેલ છે. તે સમય પહેલાજ કેસ બારી બંધ કરી દેવાતા લોકોને ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારના લોકો ૨૦ થી ૩૦ કિ.મી. દૂરથી આવતા ગ્રાહકો હેરાન પરેશાન થયા હતા. જોકે કેસ બારી સમય ૧૦.૩૦ થી ૨ તેમજ બપોરે ૨.૩૦ થી ૪.૩૦ વાગ્યા સુધીનો સમય હોવા છતાં બપોરના ૧.૩૫ ના સમયે ગ્રાહકો બીલ ભરવા આવતા કેસ બારી બંધ જોતાજ ચોકી ઉઠ્યા હતા. અને પોતાના ખર્ચે આવતા લોકોને ધરમના ધકકા ખાવાનો વારો આવ્યો હતો. આ કચેરીના કર્મચારી પોતાની મનમાની રીતે ગમે ત્યારે કેસ બારી બંધ કરી ચાલ્યા જતાં ગ્રાહકોમાં નારાજગી જોવા મળી હતી. અને છેવાડાના ગામના લોકો હેરાન પરેશાન ન થાય તેને ધ્યાને રાખી આવા કર્મચારીઓ સામે કાર્યવાહી થવી જરૂરી બની ગયેલ છે.

# ઉનામાં ધોકડવા બાયપાસ ચોકડી પાસે વિજ પોલ આત્મનિર્ભર અવસ્થામાં : તંત્ર બેખબર

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૪

ગીરગઢડાના ધોકડવા ગામે બાઈપાસ ચોકડી પાસે ત્રણ રસ્તા એકત્ર થતાં હોય જેમાં ઊના- તુલસીશ્યામ તેમજ ગીરગઢડા-ખાંભા તરફ જતાં રસ્તાના કોર્નર પર પીજીવીસીએલનો વિજ પોલ ઢળી ગયેલ હાલતમાં જોવા મળી રહ્યો છે. ત્યારે આ વિજ પોલ ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જા શકે તેવી હાલતમાં ઉભો છે. આ વિજ પોલ પર જીવતા વિજ વાયરોની લાઈન પસાર થતી હોય અને મુખ્ય રસ્તો હોવાથી વાહન તેમજ રાહદારીઓની સતત અવર જવર થતી હોય છે. તેમજ અહીંથી ધોડકવા પીજીવીસીએલની કચેરીએ જવાનો મુખ્ય રસ્તો હોય પીજીવીસીએલના અધિકારીઓ ત્યાથી પસાર થતા હોવા છતાં આંખ આડા કાન કરતા હોવાનો ધાટ જોવા મળી



રહ્યો છે. આ ઢળી ગયેલા બે વિજ પોલ અકસ્માત સર્જી નીચે પડશે અને કોઈને જાનહાની થશે તો જવાબદાર કોણ તેવા અનેક સવાલ ગામ લોકોમાં ઉઠી રહ્યા છે. જ્યારે આ મોટી દુર્ઘટના બને તે પહેલા પીજીવીસીએલ દ્વારા ઢળી ગયેલા પોલને તાત્કાલીક દૂર કરી અન્ય પોલ ઉભા કરવાની માંગણી ઉઠવા પામેલ છે.

# કોડીનારમાં કંપની દ્વારા અનુ. જાતિના ખેડૂતો સાથે અન્યાય કરતા ખેડૂતો આવેદન અને આંદોલનના માર્ગે

## સરખડી ગામના ખેડૂતો હાઈકોર્ટે ના દ્વાર ખખડાશે



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૪

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના સરખડી ગામના અનુ. જાતિના ખેડૂતો સાથે શાપુરાજી પલોનજી પ્રા. લી. અને સીમર પોર્ટ પ્રા. લી. કંપનીએ નાણાકીય વળતર અને નોકરી છેતરપિંડી કરવામાં આવી જે બાબતે ગ્રામ પંચાયત અને ખેડૂત ખાતેદારોને કંપની દ્વારા કરાર અને એગ્રીમેન્ટ તેમજ નોકરી માટે બાંહેધરી આપવા છતાં છેતરપિંડી કર્યાનો આક્ષેપ ખેડૂતો દ્વારા કરવામાં આવ્યો હતો. આ ગામના અન્યાય પામેલા ખેડૂતો મામલતદાર કચેરી મુલાકાત લઈ લેખિત રજૂઆતો કરવામાં આવી હતી. અનુ જાતિના ખેડૂતો પાસેથી બળજબરી પૂર્વક જમીનો છીનવાઈ જાય અને તેમના પરિવાર અને રોજગારીનું શું એ ખરેખર અગત્યની બાબત બની જાય છે. સરકાર દ્વારા કરવામાં આવતા આત્મનિર્ભર યોજના અને ગુજરાતમાં અનુ. જાતિના લોકોની રક્ષણ બાબતે સવાલ ઉપસ્થિત થાય છે. ખેડૂતો હવે આંદોલનના માર્ગે આગળ વધી રહ્યા છે અને આ બાબતે સરકારને જવાબદાર ઠેરવી છે , આજે જયારે અનુ જાતિ અત્યાચારની ઘટના દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે સરખડી ગામના ખેડૂતોની અત્યાચારની ઘટના એ ગંભીર બાબત ગણાવી શકાય. આ બાબતે અગાઉ પણ ચક્રવાત ન્યુઝ દ્વારા અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. સરખડી ગામના ખેડૂતોની સમસ્યાઓ તેમજ અન્યાય અત્યાચાર અને આક્રોશ અવાજ હવે તંત્ર ની ત્યા રજૂ કરવામાં આવ્યો હતો તેમજ ખેડૂતો દ્વારા વિવિધ પ્રશ્નો તેમજ સમસ્યાઓ ની રજૂઆત મામલતદાર કચેરી ખાતે કરવામાં આવી હતી,સરખડી ગામના ખેડૂતો દ્વારા પણ સાપુરજી કંપની, સીમર પોર્ટ કંપની સામે આક્રોશ ઠાલવ્યો હતો, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર માં ધીરે-ધીરે ખેડૂત આંદોલન જન ક્રાંતિ રૂપે તંત્ર સામે આક્રોશ અને અન્યાય સામે જાણે બંડ પોકારી રહ્યુ હોય તેમ લાગી રહ્યુ છે આગામી સમયમાં ખેડૂતો હાઈકોર્ટે ના દ્વાર ખખડાવવાનું કહ્યુ હતું.

# વાંકાનેરના ઢુવા નજીક મોબાઈલની દુકાનમાં થયેલ ચોરીના ગુનામાં ત્રણ આરોપીની ૩૩ મોબાઈલ સાથે ધરપકડ કરાઈ

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૪

વાંકાનેર તાલુકાના ઢુવા નજીક થોડા દિવસ અગાઉ એક મોબાઈલની દુકાનમાં થયેલી ચોરીના બનાવમાં આજે આ ચોરીનો ભેદ મોરબી એલસીબી ટીમે ઉકેલી ત્રણ આરોપીઓની ચોરી થયેલ રૂ. ૪.૬૩ લાખની કિંમતના ૩૩ મોબાઈલ સાથે ધરપકડ કરવામાં આવી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ગત તારીખ ૧૮ ડિસેમ્બરના રોજ વાંકાનેર તાલુકાના ઢુવા નજીક ચોકડી ખાતે આવેલ પટેલ પાન એન્ડ મોબાઈલ શોપમાંથી કોઈ અજાણ્યા શખ્સો દ્વારા લાખની કિંમતના મોબાઈલની ચોરી કરવામાં આવી હતી. જે બનાવમાં આરોપીઓ ચોરીના મોબાઈલ વહેંચવા



માટે નિકળતા આ બાબતની બાતમી મોરબી એલસીબી ટીમને મળતા પોલીસ દ્વારા ઢુવા જીઆઈડીસી નજીક વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન ત્રણ શખ્સો શંકાસ્પદ હાલતમાં પસાર થતા તેને રોકી તલાસી લેતા તમની પાસેના પ્લાસ્ટિકના બેગમાં ચોરી કરેલા મોબાઈલ મળી આવ્યા હતા જેથી મોરબી એલસીબી ટીમ દ્વારા ત્રણેયની અટકાયત કરી પૂછપરછ કરતા તેઓએ મોબાઈલ ચોરી કર્યા હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે આરોપી અરવિંદ મનસુખભાઈ મગવાની રમણિકભાઈ નરશીભાઈ ઉધરેજા અને મેહુલ ઉર્ફે મેઘો મનસુખભાઈ મગવાની ધરપકડ કરી આરોપીઓ પાસેથી રૂ. ૪,૬૩,૯૪૪ની કિંમતના ૩૩ મોબાઈલ ફોન કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોરબી એલ.સી.બી. ટીમની આ કામગીરીમાં પી.આઈ. વી. બી. જાડેજા, પી.એસ. આઈ. એન. બી. ડાભી, એ. ડી. જાડેજા, એએસઆઈ એચ. એમ. ચાવડા, પી. એસ. ખાંભરા, રજનીકાંત કેલા, સંજયભાઈ પટેલ, રસિકભાઈ ચાવડા, કૌશિકભાઈ મારવાણીયા, હેડ કો. દિલીપ ચૌધરી, વિક્રમસિંહ બોરાણા, જયવંતસિંહ ગોહિલ, ઈશ્વરભાઈ કલોતરા, ચંદુભાઈ કાણોતરા, ચંદ્રકાંતભાઈ વામજા, પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, જયેશભાઈ વાઘેલા, ફૂલીબેન તરાર તથા પો. કોન્સ. અશોકસિંહ ચુડાસમા, ભરતભાઈ મિયાત્રા, દશરથસિંહ ચાવડા સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# નાગરિક સુરક્ષા અને નગર શાંતિ માટે સતત પ્રયત્નશીલ કોડીનાર પોલીસને એક વિચાર એક ભારત દ્વારા સન્માન પત્ર એનયાત

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૪

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પોલીસની ઉમદા, શ્રેષ્ઠ કામગીરી માટે જન કલ્યાણની કામગીરી માટે રાષ્ટ્રીય સંગઠન "એક વિચાર એક ભારત" દ્વારા સમાજ અને રાષ્ટ્ર કલ્યાણ માટે પારિતોષિક એનયાત કરવામાં આવ્યો હતો,



આ પારિતોષિક પી. આઈ. શ્રી કોડીનાર પોલીસ સ્ટેશન શ્રી ચુડાસમા સાહેબને એનાયત કરવામાં આવ્યું હતું. છેલ્લા કોરોના કાળથી આજ દિવસ સુધી કોડીનાર પોલીસ દ્વારા રાત-દિવસ સતત તાલુકા અને શહેર ની શાંતિ અને સલામતી માટે પોલીસ તંત્ર દ્વારા ક્રાઈમ સિવાય પણ ટ્રાફિક કામગીરી અને તહેવારો કે ખાસ પ્રસંગે પોલીસ સતત પોતાની સામાજિક કામગીરી નો ભોગ આપીને પણ હમેશા ખડેપગે ઉભા રહે છે. હાલમાં કોડીનાર પોલીસ દ્વારા ક્રાઈમ કંટ્રોલ માટે અદભૂતકાર્યો કરવામાં આવ્યા છે. છેલ્લા છ માસથી પ્રવૃત્તિઓથી કોડીનારના નાગરિકો અને પોલીસ વચ્ચે સુમેળનું નવું વાતાવરણ નિર્માણ થયુ છે. નાગરિકોની કોઈ પણ રજૂઆત ન્યાયિક રીતે ઉકેલવા માટે પી. આઈ. શ્રી ચુડાસમા સાહેબ દ્વારા ખુબ જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# પ્રદીપ મકવાણા Ph.D. થયા



ચક્રવાત ટીમ સમ્રાટ બૌદ્ધ,તા.૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયુ. પ્રદીપભાઈ હરિભાઈ મકવાણા(ગામ: પરનાળા)એ "An Ecocritical Approach to the Selected Novels of Paulo Coelho: ..." શીર્ષક પર Ph.D પદવી મેળવી અનુસૂચિત જાતિનું ગૌરવ વધાર્યું. આ સફળતા મેળવવા બદલ અનુસૂચિત જાતિ દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# ગોદાવરી શેખપરના ખેડૂતોને સાંભળવા જેટકોના અધિકારીઓ ગામડાની મુલાકાતે

ચક્રવાત ટીમ પુનાભાઈ વકાતર,તા.૪

બે દિવસ પહેલા મુળી તાલુકાનાં ગોદાવરી અને શેખપર ગામોમાં ખેડૂતો નાં ઉભા પાકમાં અને એકરૂપીયો વળતર ચુકવ્યા વગર જેટકો કંપની નાં વિજ ટાવર ઉભા કરવાની કામગીરી ખેડૂત આગેવાન રાજુભાઈ કરપડા અને ખેડૂતો દ્વારા બંધ કરાવવામાં આવી હતી ત્યારે આજે આ બાબતે ખેડૂતો ની રજૂઆત અને માંગણી રૂબરૂ સાંભળવા માટે જેટકો કંપની નાં ઉચ્ચ અધિકારીઓ ગામડે પહોંચી ખેડૂતો ની મુલાકાત કરી મીટીંગ યોજાઈ હતી તેમાં ખેડૂતો દ્વારા જે માંગણી કરવામાં આવી હતી તે સાંભળી હતી અને સમાધાન કારી વલણ અપનાવ્યું હતું હાલ કોઈ



ચોક્કસ નિર્ણય આવેલ નહોતો પરંતુ જેટકો કંપની દ્વારા ઉચ્ચ અધિકારીઓ ટુંક સમયમાં યોગ્ય નિર્ણય કરી અને યોગ્ય વળતર ખેડૂતો ને મળે તે બાબતે કંપની ને જાણ કરી આવતાં બે દિવસ માં ફરી ખેડૂતો સાથે મીટીંગ કરશે અને નિરાકરણ લાવશે તેમ જણાવ્યું હતું આ તકે ખેડૂતો તરફથી ખેડૂત એકતા મંચ સુરેન્દ્રનગર જીલ્લા પ્રમુખ રાજુભાઈ કરપડા , વનરાજ સિંહ ટીકર, રામકુભાઈ કરપડા અને અન્ય આગેવાનો જોડાયા હતા.







# બગસરામાં ૧૬ બેઠક માટે ભાજપના ૧૨૦ ઉમેદવારો



ચક્રવાત ટીમ કુંકાવાવ,તા.૪

અમરેલીના બગસરા માર્કેટિંગ યાર્ડ ખાતે સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા માટે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરતાં ઉમેદવારોનો રાફડો ફાટયો માર્કેટયાર્ડ ખાતે બગસરા નગરપાલિકાની ચૂંટણી લડવા માટે પણ સેન્સ પ્રક્રિયા હાથ ધરી હતી....

બગસરા તાલુકા પંચાયતની ૧૬ સીટ માટે ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવતા ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ કાંતિભાઈ સતાસીયા પુર્વ ધારાસભ્ય બાલુભાઈ તંતી પ્રાગજીભાઈ હિરપરા સમક્ષ ૧૬ સીટ માટે સેન્સ પ્રકીયા હાથ ધરતાં ૧૨૦ ઉમેદવારે પોતાની ઉમેદવારી

નોંધણી કરાવી છે તો બીજી બાજુ બગસરા તાલુકામાં બે જિલ્લા પંચાયતની સીટ માટે ૩૦ થી વધુ ઉમેદવારીએ પોતાની ઉમેદવારી નોંધાવેલ છે આ પ્રક્રિયા દરમ્યાન બગસરા તાલુકા ભાજપ પ્રમુખ રમેશભાઈ સતાસીયા પુર્વ પ્રમુખ ધીરૂભાઈ માયાણી મહામંત્રી વિપુલ ભાઈ ક્યાંડા સહિત ભાજપના દિગ્ગજ નેતા ઉપસ્થિત રહ્યા હતા.

# ઊનાના સનખડા ગામે યુવાનની પત્નિ તેમજ પુત્રને ચાર શખ્સો દ્વારા ભગાડી જતા તપાસ કરવા માંગ

ચક્રવાત ટીમ ઉના,તા.૪

ઊનાના સનખડા ગામે રહેતા યુવાનની પત્નિ તેમજ એક વર્ષનો પુત્રને ચાર શખ્સોએ ભગાડી લઈ જઈ ગોંધી રાખેલ જેની યોગ્ય તપાસ કરી પરત બન્નેનો કબ્જો સોપવા ઉના પોલીસે લેખિત ફરીયાદ કરેલ છે.

આ અંગેની રજુઆતમાં ભાવેશ બટુક પરમાર, ગીતાબેન ભાવેશ પરમાર, નિલેષ અનિલ કોરાસી તેમજ બીટ જમાદાર શાંતિલાલ સોલંકી આ ચાર શખ્સો દ્વારા પત્નિ સંધ્યાને ભગાડી લઈ જઈ સાથે એક વર્ષનો પુત્ર જયદિત્યસિંહને લઈ ગયેલ જે બન્નેનું જીવનું જોખમ હોય તા. ૧ ડિસે.૨૦૨૦ થી તેની તપાસ કરતા મળી આવેલ ન હોય આ અંગેની લેખિત પોલીસ ફરીયાદ કરેલ હોવા છતાં આજ સુધી તપાસ કે કાર્યવાહી કરવામાં આવી નથી. આ બાબતે બીટના જમાદાર શાંતિલાલ સોલંકી અવાર નવાર અરજી ખેચી આપી દે નહી તો તને બીજા ખોટા કેસોમાં સંડોવી દઈશ તેવી ધમકી પણ આપેલ હોય અને તારી ઘરવાળીને મારી રૂબરૂ નિવેદન આપેલ અને કહેલ છેકે મારે ઘર ચલાવવુ નથી.

અંગેની મોબાઈલ રેકોર્ડીંગ તેમજ સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવે અને ધવલભાઈ પોતાની પત્નિ અને પુત્ર બન્નેનું અપહરણ કરી ભગાડી લઈ જનારને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી પત્નિ અને પુત્રનો કબ્જો સોપવા ધવલભાઈ જીતુભાઈ ગોહીલએ ઊના પોલીસમાં અરજીની લેખિત ફરીયાદ કરેલ છે.

# ઊનાના દેલવાડા ખાતે કોળી સેનાની મિટીંગ યોજાઈ

ચક્રવાત ટીમ ઉના,તા.૪

ઊના તાલુકાના દેલવાડા મુકામે ગુજરાતના મંત્રી તેમજ કોળી સેનાના સ્થાપક પુરૂષોતમભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને ઉના શહેર તાલુકા તેમજ ગીરગઢડા કોળી સેનાની મિટીંગ મળેલ હતી. આ મીટીંગમાં ગુજરાત રાજ્યના યુવા કોળી સેનાના પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકી, જુનાગઢ ગીરસોમનાથ જીલ્લા પ્રમુખ દિપાબેન બાંભણીયા, જીલ્લા કોળી સેનાના ઉપપ્રમુખ મનોજભાઈ બાંભણીયા સહીત કોળી સમાજના આગેવાનોની ઉપસ્થિતીમાં મિટીંગ મળેલ આ મિટીંગ કોળી સેનાના સ્થાપક પુરૂષોતમભાઈની હાજરીમાં કોળી સેનાના હોદેદારો તથા કારોબારીની રચના કરી હતી. તેમજ નવનિયુક્ત હોદેદારોને ઉપસ્થિત આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી.

# સંસ્થાકિય સમાચારો

## સ્વામિનારાયણ ગુરૂકુળ તરફથી કંપની મેંગોપીપલ પરીવારના બાળકોને ફેશ કપડા અર્પણ



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૪

તાજેતરમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ગોંડલ રોડ, રાજકોટ તરફથી મેંગોપીપલ પરીવારના ઝૂંપડપટ્ટીના બાળકો માટે કંપની ફ્રેશ નવા કપડાં અર્પણ કરવામાં આવેલ. પુજય સંતવલ્લભદાસજી સ્વામીએ પોતાના કારકમલોથી સંસ્થા પ્રમુખશ્રી મનીષભાઈ રાઠોડ તથા શ્રી સાગરભાઈ શ્રીમાળીને કપડાં અર્પણ કરેલ. અત્રે ઉલ્લેખનીય છે કે મેંગોપીપલ પરીવાર છેલ્લા ૭ વર્ષથી ઝૂંપડપટ્ટીના બાળકો માટે સતત કાર્યશીલ સંસ્થા છે. તે આ બાળકો માટે રાજકોટ તથા જામનગરમાં ફ્રી એજ્યુકેશન ક્લાસ ચલાવે છે. સંસ્થાની વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ ( મોં. ૯૨૭૬૦૦૭૭૮૬ ) નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

## ડીસાના એરફોર્સ સ્ટેશન ખાતે SWACના AOC-IN-C એર માર્શલ દ્વારા 'સ્વર્ણિમ વિજય સાઈકલ રેલી'ને આવકાર



ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૪

સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (SWAC)ના હેડક્વાર્ટર દ્વારા ૦૨ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ડીસાના એરફોર્સ સ્ટેશન ખાતે એક દિવસીય સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. એર વાઈસ માર્શલ ઉમેશ કુમારે આ રેલીને લીલીઝંડી બતાવીને તેનો પ્રારંભ કરાવ્યો હતો. સાઈકલિસ્ટોએ ડીસા ખાતે સ્થાનિક લોકો સાથે વાર્તાલાપ કરીને ભારતીય વાયુસેના વિશે જાગૃતિ ફેલાવી હતી અને 'ફિટ ઈન્ડિયા' પહેલને પણ પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧માં થયેલા યુદ્ધમાં ભારતના વિજયની ''સ્વર્ણિમ જયંતિ''ની ઉજવણી નિમિત્તે ''હર કામ દેશના નામ'' સૂત્ર સાથે યોજવામાં આવ્યો હતો. સાઉથ વેસ્ટર્ન એક કમાન્ડના કમાન્ડિંગ ઈન ચીફ એર માર્શલ એસ.કે. ઘોટિયા PVSM VSMએ આ જ દિવસે ડીસાના એરફોર્સ સ્ટેશન ખાતે સાઈકલિંગ ટીમને આવકારી હતી અને સાઈકલિંગ ઉત્સાહિતોનું સન્માન કર્યું હતું. તેમણે 'ફિડ ઈન્ડિયા' પહેલને પ્રોત્સાહન આપવા બદલ તેમજ આપણાં યુદ્ધ નાયકોને યાદ કરવા માટેના તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

## 'દેને કો ટુકડા ભલા, લેને કો હરી નામ' : કહેવત સાર્થક કરતા ટંકરા તાલુકાના ટોળ ગામના યુવાનો



ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૪

સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (SWAC)ના હેડક્વાર્ટર દ્વારા ૦૨ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ડીસાના એરફોર્સ સ્ટેશન ખાતે એક દિવસીય સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. એર વાઈસ માર્શલ ઉમેશ કુમારે આ રેલીને લીલીઝંડી બતાવીને તેનો પ્રારંભ કરાવ્યો હતો.

સાઈકલિસ્ટોએ ડીસા ખાતે સ્થાનિક લોકો સાથે વાર્તાલાપ કરીને ભારતીય વાયુસેના વિશે જાગૃતિ ફેલાવી હતી અને 'ફિટ ઈન્ડિયા' પહેલને પણ પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧માં થયેલા યુદ્ધમાં ભારતના વિજયની ''સ્વર્ણિમ જયંતિ''ની ઉજવણી નિમિત્તે ''હર કામ દેશના નામ'' સૂત્ર સાથે યોજવામાં આવ્યો હતો. સાઉથ વેસ્ટર્ન એક કમાન્ડના કમાન્ડિંગ ઈન ચીફ એર માર્શલ એસ.કે. ઘોટિયા PVSM VSMએ આ જ દિવસે ડીસાના એરફોર્સ સ્ટેશન ખાતે સાઈકલિંગ ટીમને આવકારી હતી અને સાઈકલિંગ ઉત્સાહિતોનું સન્માન કર્યું હતું. તેમણે 'ફિડ ઈન્ડિયા' પહેલને પ્રોત્સાહન આપવા બદલ તેમજ આપણાં યુદ્ધ નાયકોને યાદ કરવા માટેના તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

# ૧૫માં નાણાપંચ સહીતના કામના એસઓઆરના ભાવ નવા વર્ષ પ્રમાણે કરવા સરપંચની રજૂઆત

ચક્રવાત ટીમ ઊના, તા.૦૪

ઊનાના તાલુકા પંચાયતમાં વિકાસના કામો કરવામાં આવતા હોય તેમાં વપરાતા માલ મટીરીયલ્સ જેવા કે રેતી, કાંકરી, પથ્થર, લોખંડ, સિમેન્ટ, મજુરી સહીત તમામ વસ્તુઓના ભાવ હાલની મોધવારી પ્રમાણે એક ટ્રેકટર રેતી, ૪ થી ૫ હજાર, કાંકરી ૪ થી ૫ હજાર, કાંકરીની ભુકી (ડસ્ટ) ૩ હજાર, ૧ નંગ પથ્થર ૪૦, મજુરી-કારીગર ૫૦૦ તેમજ લેબર ૩૦૦ જેમાં બમણો વધારો થઈ ગયેલ છે. જેના કારણે કામ કરવું મુશ્કેલ બની ગયેલ હોય કોઈપણ કામનું બિલ ટકાવારી સીવાય બનતુ ન નથી. તે સનાતન સત્ય હોય જેથી કામો ગુણવત્તાવાળુ થતુ ન હોવાથી કામ નબળુ થાય છે. તેમના જવાબદાર સરપંચનેજ ઠરાવવામાં આવે છે. અને સરપંચ સામે પગલા ભરવામાં આવે છે. જે બાબતો શોષણ અને અન્યાય કર્તો હોય જ્યારે તમામ કર્મચારીની જવાબદારી હોવા છતાં પ્રથમ સરપંચને સ્પેન્ડ કરવામાં આવે છે. અને તેનો ભોગ સરપંચજ બને છે. વિકામના કામોમાં એસઓઆર ભાવમાં પહેલા કરતા હાલમાં તફાવત હોવાથી જે કામ કરવામાં આવે છે. તે કામો નબળા અને ગુણવતા વગરના થાય છે. જેથી લાંબો સમય ટકી શક્તા ન હોવાથી અધિકારી દ્વારા સરપંચ સામે પગલા ભરી સસ્પેન કરી અન્યાય કરતા હોય છે. આ બાબતે તાત્કાલીક વિકાસના કામોમાં વપરાતા મટીરીયલના ભાવ નવા વર્ષ પ્રમાણે કરવા માંગ કરેલ છે..

ઉલ્લેખનીય છેકે સરકાર દ્વારા તમામ કર્મચારીના પગારનો દર વર્ષે મોધવારી પ્રમાણે વધારો કરવામાં આવે છે. જ્યારે સરપંચનો પગાર હોતો નથી. પરંતુ જે વિકાસના કામ કરવામાં આવે છે. તેમાં નવા વર્ષ પ્રમાણે એસઓઆરના ભાવ શા માટે બદલવામાં આવતા નથી. આ બાબતને ધ્યાને લઈ તાત્કાલીક આવનાર વર્ષથી જ વિકાસને લગતા તમામ કામો ૧૫ માં નાણાપંચ સહીતના કામના એસઓઆરના ભાવ નવા વર્ષ પ્રમાણે કરવામાં આવે તેવી માંગ છેલ્લા ૯ વર્ષથી ચુટાઈ આવતા કેશરીયા ગ્રામ પંચાયતના સરપંચ અરજણભાઈ શિંગોડ એ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી લેખિત રજુઆત કરી હતી.

# જામનગરમાં સાંસદ પૂનમ માડમે માજી સૈનિક મંડળના કાર્યાલયનું કર્યુ ઉદ્ઘાટન

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૪

હાલાર જિલ્લામાં રવિવારે સાંસદ પૂનમ માડમના હસ્તે માજી સૈનિક મંડળના નવનિર્મિત કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તેમની સાથે નિવૃત્ત સૈનિકો, શહેર ભાજપ પ્રમુખ, મહામંત્રી અને હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે તમામ લોકોએ વીર સૈનિકોની શૂરવીરતા અને જુસ્સાને યાદ કર્યા હતા.આ કાર્યાલયની મદદથી નિવૃત્ત સૈનિકોના પ્રશ્નો સીધા સરકાર સુધી પહોંચશેઆ પ્રસંગે સાંસદ પૂનમ માડમે જણાવ્યું હતું કે, સીમા પર તહેનાત અનેક જવાનોમાં દેવભૂમિ દ્વારકા અને જામનગરના જવાન પણ છે. તેઓ હાલમાં અહીં નિવૃત્ત જીવન પસાર કરી રહ્યા છે. નિવૃત્ત સૈનિકોના પ્રશ્નોને




વાચા આપવા તેમ જ તેમની જરૂરિયાત અંગે સરકાર સુધી વાત પહોંચાડવા માટે આ કાર્યાલય શરૂ કરવામાં આવ્યું છે.સૈનિકો પોતાને જોઈતી સુવિધાઓ અંગે આ કાર્યાલયથી જ રજૂઆત કરી શકશેહવે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે સૈનિકોના મુદ્દે આ કાર્યાલયથી પત્ર વ્યવહાર કરવામાં આવશે. તેમ જ જો કોઈ પણ સૈનિકોને કોઈ સુવિધાની જરૂર પડે તો તેઓ આ કાર્યાલયમાંથી પોતાની સમસ્યાનું નિવારણ મેળવી શકશે.

# ત્રણ વર્ષની બાળકી સાથે બળાત્કાર કર્યા બાદ નિર્જન ખેતરમા ફેંકી દેવાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ,૪

પાલઘર જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના બની છે જે માનવતાની બદનામી છે. જિલ્લાના તાલાસારીમાં એક ૩ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ થયું હોવાની શક્યતા વર્તાય રહી છે. શુક્રવારે રાત્રે ૧૨ વાગ્યે બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હતું. પાછળથી તે વેદનાથી પિડાતી નજીકના ખેતરમાથી મળી આવી હતી. દરમિયાન પોલીસે આરોપીની અટક કરી કોર્ટમા રજૂ કરતા બે દિવસની પોલિસ કસ્ટડી સોપી ચે.. અને ચોંકાવનારી ઘટનાથી વિસ્તારમાં હંગામો મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જિલ્લાના તલાસારી ખાતે એક ૩ વર્ષની બાળકી તેની માતા સાથે સૂઈ રહી હતી. છોકરીની માતાએ અચાનક જ જોયું કે છોકરી આસપાસ નહોતી. તે પછી, બાળકીના માતાપિતા અને પડોશીઓએ તેની શોધ શરૂ કરી હતી. આસપાસ શોધખોળ કર્યા બાદ ૩ વર્ષની બાળકી એક ખેતરમાં પડેલી મળી આવી હતી. તેના પરિવારજનોએ તેને તાલાસારી રૂરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. બાળકીને વધુ સારવાર માટે દહાણુ ખસેડાઈ છે.

દરમિયાન આ ઘટના બાદ આ વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. તલાસરી પોલીસે ગુનો નોંધી ફરિયાદીની પડોસમા રહેતા ૩૮ વર્ષના આરોપીની ધરપકડ કર્યાની માહિતી તલાસરી પોલિસના પીઆઈ વસાવે એ આપી છે.

# ભાયંદરના સમાજ મંદિરમાં ૩૧મી રાત્રે કિન્નરોને નચાવાતા પોલીસ ફરિયાદ

### નગરસેવકે ફરિયુાદ કરતા પોલિસે પાર્ટી બંધ કરાવી

ચક્રવાત ટીમ,મુબઈ,૪

એકબાજુ કોરોનાને કારણે સરકારે ૫ જાન્યુઆરી સુધી નાઈટ કરફ્યુ મુક્યો હતો,ત્યારે ૩૧ ડિસેમ્બરની રાત્રે ભાયંદર પશ્રિમના ગણેશ દેવળ પાસે આવેલ સમાજમંદિર હોલમા કેટલાક લોકોએ પાર્ટીનું આયોજન કયુ હતુ.જેમા કિન્નારોને પણ બોલાવી ડ્રાન્સ કરાવાયો હતો.આ ઘટનાની જાણ સ્થાનિક નગરસેવક પંકજ પાંડેને થતા તેણે કમિશ્નરને જાણ કરી હતી.કમિશ્નરે પોલિસને અ ડ્રાન્સ પાર્ટીની જાણ કરતા પોલિસે અહિ છાપો મારી પાર્ટી બંધ કરાવી ઉપસ્થિત લોકો વિરુધ્ધ કોરોના સલામતીના નિયમોનું ભંગ કરવાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ભાયંદર પશ્રિમમા શિવસેના ગલીની અંદર આવેલ ગણેશદેવલ ક્રાંતિનગરમા સામાજીક કાર્યક્રમ માટે સમાજમંદિર હોલ બનાવવામા આવેલ છે., જેમા પહેલા માળે વિધ્યાર્થીઓને ભણવા તેમજ વાંચવા માટેનીએ સુવિધા છે.૩૧ મી ડિસેમ્બરની



અંતિમ રાતના પાર્ટીની ઉજવણી કરવા તે સમાજમંદિર હોલમા કેટલાક લોકો ભેગા થયા હતા,તે વિસ્તારના સ્થાનિક નગરસેવક પંકજ પાંડે એ માહિતી આપતા જણાવ્યુ છે કે દારૂના નશામા સમાજમંદિર હોલમા જમા થયેલ લોકો અને કિન્નરો ડીજેના સૂરે ડ્રાંન્સ કરતા હોવાની જાણ થઈ હતી.

# પાટડીમાં રામ મંદિર નિર્માણ કાર્યાલયનો પ્રારંભ

ચક્રવાત ટીમ પાટડી, તા.૦૪

સુરેન્દ્રનગરનાં પાટડી ખાતે શ્રી રામજન્મ ભૂમિ તીર્થ ક્ષેત્ર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન સમિતિ પાટડી તાલુકાના મધસ્થ કાર્યાલયનું ઉદઘાટન અભયમ કોમ્પલેક્ષ ચાર રસ્તા પાટડી પાસે સંતો મહંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. તેમાં પાટડી ખાતેના તમામ સંગઠન સભ્યો અને ગામનાં મુખ્ય આગેવાનો પણ હાજર રહ્યા. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે હિતેન્દ્રસિંહ વાઘેલા (અમદાવાદ જિલ્લા સંયોજક, વિશ્વ હિન્દુ પરિષદ) હતા. તેમજ આશીર્વચન સ્વરૂપે પરમપૂજ્ય વાલદાસ બાપુ (મહંત શ્રી, મેણબાઈની જગ્યા કામલપુર) દ્વારા આપવામાં આવેલ આ પ્રસંગે વિવિધ સંગઠનના લોકો તેમજ અનેક સંતો મહંતો તેમજ આગેવાન સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# સરકારી સહાય ન મળતા ખાનપુરમાં ખેડૂતની ગળાફાંસો ખાઈ આત્મહત્યા

### ખેડૂત પાસેથી ચિઠ્ઠી મળી, મરીશ તો પણ મારો આત્મો ભાજપમાં હશે, પણ કોઇ મારું કામ ન કર્યું

(જી.એન.એસ.)મહિસાગર,તા.૪

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકા પંચાયતમાં ખાનપુર તાલુકાના વાંદરવેડ ગામના ખેડૂત બળવતંસિંહે ચારણને કોઈ સરકારી સહાય ન મળતા આખરે કટાંળીને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. મૃતક ખેડૂત બળવતંસિંહ ચારણ પાસેથી એક અંતિમ ચીઠ્ઠી મળી આવી હતી. લુણાવાડા વિસ્તારના ધારાસભ્ય અને સાંસદને સંબોધીને લખેલી ચીઠ્ઠીમાં ખેડૂતે લખ્યુ હતું કે, વર્ષોથી ભાજપને મત આપુ છું. મરીશ તો પણ મારો આત્મા ભાજપ પક્ષ જ હશે પણ, કોઈએ મારૂ ગરીબનું કામ કર્યું નથી. વાંદરવેડ ગામના ૭૦ વર્ષના ખેડૂત બળવંતસિંહ ચારણે સ્યુસાઈડમાં લખ્યું છે કે, ભારત માતા કી જય, ભાજપ પાર્ટી જય જયકાર. સંસદ સભ્ય રતનસિંહ રાઠોડ સાહેબ તથા ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક સાહેબ તમારી નામ આગળ સેવક છે. તો તમે ગરીબની સેવા કરો તેવા હોઈ ભગવાને તમને પદવી સારી આપી છે. હું ગરીબ માણસ છું, વર્ષોથી ભાજપમાં માનતો હતો. મારા આત્મામાં ભાજપ પક્ષ છે. છેકથી ભાજપના સાથમાં રહ્યો છું મરીશ તો પણ ભાજપને માનીશ. પ્રતાપભાઈ ડેલીગેટ તમને મારા વિશે માહિતી પૂછજો કે, તે તાલુકા પ્રમુખ બન્યા ત્યારથી ભાજપને માનતો આવ્યો છું. ૬૫થી ૭૦ વર્ષ સેવક સહિત જિલ્લાની સિટી ઉપર જીત્યા ત્યારે બાકોરના વરઘોડામાં મેં ખભા ઉપર બેસાડીને નચાવ્યા હતા. ખેડૂતે પોતાનો આક્રોશ પણ તે ચિઠ્ઠીમાં દર્શાવ્યો છે અને તમામના મોટા નેતાઓને કરેલી મદદ યાદ કરાવવાની મથામણ કરી છે. તેઓને સામાન્ય શૌચાલય જેવી સગવડ ના મળી રહેવાનો રંજ તે ચિઠ્ઠીમાં સ્પષ્ટ જણાઈ આવે છે. જ્યારે ગામે ગામ ઉમળકાભેર સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ખુલ્લામાં શૌચ મુક્ત ગામ ઘરે ઘરે શૌચાલયના બોર્ડ હોંશે હોંશે બનાવી મારી દેવામાં આવ્યા છે પણ હકીકત કંઈક અલગ જ છે. સરકારી કચેરીમાં આપઘાતની ઘટનાને પગલે પરિવારે હોબાળો મચાવી જવાબદારો વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

# વાંકાનેર શહેરની વૃંદાવન સોસાયટીમાંથી બાઈક ચોરી થયાની ફરિયાદ



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૪

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર શહેર નજીક આવેલ વૃંદાવન સોસાયટીમાં રહેતા મનદિપસિંહ વાસુદેવસિંહ ગોહિલ (ઉં.વ. ૩૩)એ પોતાના ઘરની પાસે તેનું સીડી ડીલક્ષ બાઈક SGJ 3 ED 1069 પાર્ક કરેલ હોય જે કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી જતાં તેમણે પોતાના બાઈકની ચોરી થઈ હોવાની ફરિયાદ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન મથકે નોંધાવી હતી.

# વાંકાનેર તાલુકાના પાંચદ્વારકા ગામે સામન્ય બાબતે યુવાન પર હુમલો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૪

વાંકાનેર તાલુકાના પાંચદ્વારકા ગામે બાઈક સાથે રીક્ષા અથડાવા જેવી સામન્ય બાબતમાં ત્રણ શખ્સોએ બે યુવાનો પર હુમલો કરી માર માર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. જે બનાવમાં બાઈક ચાલકે ત્રણ શખ્સો સામે વાંકાનેર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ બનાવની ફરિયાદ પરથી ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના પાંચદ્વારકા ગામે રહેતા મનીષભાઈ પોપટભાઈ દંતેસરિયા (ઉંમર વર્ષ ૨૦) પોતાની શેરીની પાસે પોતાનું બાઈક લઈને ઉભેલા હતા ત્યારે ત્યાંથી કેશુભાઈ રામજીભાઈ દંતેસરીયા પોતાની રિક્ષા લઈને નીકળ્યા હતા અને તેઓની રીક્ષા બાઈકની સાથે અથડાઈ હતી જે બાબતે ફરિયાદી ઠપકો દેવા માટે ગયા ત્યારે કેશુભાઈ રામજીભાઈ દંતેસરીયા તેના પિતા રામજીભાઈ કાનજીભાઈ અને જીગ્ગો ઉર્ફે જેંતી દંતેસરીયા ત્રણયે ગાળો આપી હતી અને કેશુભાઈએ પાઈપ વડે અરવિંદભાઈને હાથમાં ઈજા કરી હતી તેમજ જીગા નામના શખ્સે પથ્થર મારીને મોટર સાયકલમાં નુકસાનની કરી હતી જેથી કરીને ભોગ બનેલા મનીષભાઈએ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ત્રણ શખ્સોની સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા શોધખોળ શરૂ કરેલ છે.

# જામનગરમાં સરકારી પરીક્ષામાં માત્ર ૧૩૦૩ ઉમેદવાર હાજર

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૪

જામનગરમાં પોલીસ ઈન્સપેકટરની સરકારી પરીક્ષામાં અડધાથી વધુ ઉમેદવાર ગેરહાજર રહ્યા હતાં. શહેરમાં ૧૦ કેન્દ્રમાં ૧૧૭ બ્લોક પર શાંતિપૂર્ણ અને કોઇ કોપી કેસ વગર પરીક્ષા પૂર્ણ થતાં તંત્રએ રાહત અનુભવી હતી. કુલ નોંધાયેલા ૨૮૦૫ માંથી ફકત ૧૩૦૩ ઉમેદવારે પરીક્ષા આપી હતી. રાજયમાં ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન આયોજિત પોલીસ ઈન્સ્પેકટર બિન હથિયારધારી વર્ગ-૨ ની પરીક્ષા કોરોનાના લોકડાઉન ને કારણે તા.૨૯-૦૩-૨૦૨૦ ના રદ થઈ હતી. આ પરીક્ષાનું આયોજન આયોજન રાજયભરમાં તા.૩ જાન્યુઆરીના કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જામનગરમાં રવિવારના નંદન માધ્યમિક શાળા, કાલીન્દી વિધાલય, શાસ્ત્રી ત્રંબકરમા હાઈસ્કૂલ, સત્યસાંઇ શાળા, સોઢા હાઈસ્કૂલ, સેન્ટ આન્સ શાળા, સેન્ટ ફ્રાન્સીસ શાળા, સનસાઈન શાળા, પી. વી.મોદી શાળામાં ૧૧૭ બ્લોકમાં સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી પીઆઈની પરીક્ષા લેવાઇ હતી. જામનગરમાં કુલ ૨૮૦૫ ઉમેદવાર નોંધાયા હતાં. જેમાંથી ફકત ૧૩૦૩ ઉમેદવાર હાજર રહ્યા હતાં. જયારે ૧૫૦૨ ઉમેદવારોએ પરીક્ષા આપી ન હતી. પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતિનો કેસ ન નોંધાતા તંત્રએ રાહત અનુભવી હતી.

## આણંદ તાલુકાના દાહેમી ગામનો પશુ - પક્ષી પ્રેમી યુવક



આણંદ તાલુકાના દહેમી ગામમાં આશરે ૮૦ વર્ષ જુના લીમડાના ઝાડ પર ૯૦ થી ૧૦૦ ફૂટની ઊંચાઈ પર એક કાગડો પતંગની દોરીથી પાંખ ભરાતા કાગડો ૧૦૦ ફૂટથી નીચે તરફ લટકીને જીવ સાથે લડી રહ્યો હતો ત્યાં મેદાન માં અનેક છોકરાઓ ક્રિકેટ રમી રહ્યા હતા પરંતુ એમાંથી એક જ જીવદયા યુવાન એવો હાર્દિકસિંહ રાજપરમાર પોતાના જીવનું જોખમ લઈને લીમડા પર ચડી કાગડાને મરતા બચાવ્યો હતો. તેઓ એક જીવદયા પ્રેમી છે અને આવા અનેક પશુ - પક્ષી ને તેવો બચાવીને નવું જીવતદાન આપી ચૂક્યા છે અને જ્યારે લોકો તહેવારો ઉજવવામાં મસ્ત હોય છે ત્યારે આ યુવાન હંમેશા આવું ઉત્તમ કર્યા કરતા રહેતા હોય છે..અત્યારે સુધીમાં તેઓએ અસંખ્ય પશુ - પક્ષીઓના જીવ બચાવ્યા હશે.

# ઉનાની દિવ્યાંગ બાળકીએ બનાવેલ ચિત્રો જોઈને મુખ્યમંત્રી થયા પ્રભાવિત

ચક્રવાત ટીમ ઉના, તા.૦૪

રવિવારે ગીરસોમનાથનાં ઉના ખાતે કિસાન સૂર્યોદય યોજનાના લોકાર્પણ પ્રસંગે ઉનાની દિવ્યાંગ બાળકી દિવ્યા પરેશભાઈ ગોસાઈ સાથે મુલાકાત કરી આશીર્વાદ આપી શુભકામનાઓ પાઠવી હતી ત્યારે તેમને બનાવેલ ચિત્રો જોઈને



માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જી ખુબ જ પ્રભાવિત થયા હતા. દિવ્યાબેનને ચિત્ર બનાવવાનો શોખ છે અને છેલ્લા પાંચ વર્ષથી ચિત્ર બનાવે છે. દિવ્યાએ રાજ્ય સરકારની જિલ્લાકક્ષાની ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ નંબર મેળવ્યો છે અને હવે તારીખ ૧૨ જાન્યુઆરીના રોજ રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાં ભાગ લેશે. દિવ્યા જીવનમાં ખુબ આગળ વધે અને રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરે તેમજ ગીરસોમનાથ જિલ્લાનું નામ વિશ્વ ફલક પર રોશન કરે તેવી સોમનાથ મહાદેવને પ્રાર્થના સાથે ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પાઠવી હતી.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

તંત્રીસ્થાનેથી......

# નેપાળમાં ઉભા થયેલ રાજકીય સંકટ વિશે ભારત અને ચીનનો દ્રષ્ટિકોણ....

યાકુબ બાદી
તંત્રી

હાલ વિશ્વ લેવલે નેપાળમાં ઊભા થયેલા રાજકીય સંકટ વચ્ચે ચીનના પ્રતિનિધિમંડળની મુલાકાત ચર્ચાનો વિષય બન્યું છે. ગત મહિને નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ નેપાળની સંસદને ભંગ કરવાનો વિવાદિત નિર્ણય લીધો હતો. ઓલીએ આ વર્ષે એપ્રિલ મહિનામાં ફરીથી ચૂંટણી યોજવાની વાત કરી છે. નેપાળ કૉમ્યુનિસ્ટ પાર્ટીની અંદર પેદા થયેલા મતભેદ બાદ નેપાળમાં રાજકીય સંકટ વધ્યું છે. આ દરમિયાન ચીનની કૉમ્યુનિસ્ટ પાર્ટીના આંતરરાષ્ટ્રીય મામલાના વિભાગમાં ઉપમંત્રીના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે નેપાળની મુલાકાત લીધી. કહેવાય છે કે ચીન નેપાળી કૉમ્યુનિસ્ટ પાર્ટી વિભાજનથી ખુશ નથી અને તે ઈચ્છે છે કે પ્રચંડ-ઓલી ફરીથી સાથે આવે. જોકે આવું થતું જોવા મળતું નથી. ઓલીએ બુધવારે કહ્યું કે તે પ્રચંડ સાથે સમજૂતી કરતાં કરતાં થાકી ગયા છે, જ્યારે ચીની પ્રતિનિધિમંડળે પીએમ ઓલી સાથે પણ મુલાકાત કરી હતી. ચીની પ્રતિનિધિમંડળે નેપાળી કૉમ્યુનિસ્ટ પાર્ટીના પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' અને માધવ નેપાળ સાથે પણ વાતચીત કરી. ઓલી અને પ્રચંડની વચ્ચે નેપાળી કૉમ્યુનિસ્ટ પાર્ટી બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. બંને જૂથોએ ચૂંટણીપંચમાં પાર્ટીના પોતપોતાના દાવા રજૂ કર્યા છે. કૉમ્યુનિસ્ટ પાર્ટીના નેતાઓ સહિત ચીનના પ્રતિનિધિમંડળે નેપાળના કેટલાક અન્ય નેતાઓ સાથે પણ વાત કરી, જેમાં નેપાળી કૉંગ્રેસના શેર બહાદુર દેઉબા અને જનતા સમાજવાદી પાર્ટીના નેતા બાબુરામ ભટ્ટરાઈ પણ સામેલ છે. ભારતે પણ નેપાળના મામલાઓને લઈને ગંભીરતા દર્શાવી છે અને ઑક્ટોબરથી લઈને નવેમ્બર સુધી ભારત તરફથી રિસર્ચ ઍન્ડ ઍનાલિસીસ વિંગ એટકે કે રૉના નિદેશક સામંતકુમાર ગોયલ, વિદેશસચિવ હર્ષવર્ધન શૃંખલા અને ભારતીય સેનાના પ્રમુખ એમએમ નરવણેએ વારાફરતી નેપાળની મુલાકાત લીધી છે. હરિબંશ ઝા પણ માને છે કે આ મુલાકાતોથી એટલો સંકેત તો મળી ગયો છે કે ભારત નેપાળની સાથે પોતાના પારંપરિક સંબંધો ફરીથી બનાવવા માગે છે, જેમાં કેટલાંક વર્ષોથી કડવાશ પેદા થઈ હતી. વિદેશ મામલાના જાણકાર અને વરિષ્ઠ પત્રકાર મનોજ જોશી કહે છે, "નેપાલમાં હાલના રાજકીય સંકટમાં ચીનની નિષ્ફળતા સૌથી મોટું ઉદાહરણ છે કે જે નેપાળી કૉંગ્રેસને તેઓ આટલાં વર્ષો સુધી 'ચીનવિરોધી' મનતા હતા, તેના નેતાઓને ચીનની કૉમ્યુનિસ્ટ પાર્ટીએ પરત ફરતા ચીન આવવાનું આમંત્રણ આપ્યું છે. તેઓએ આ આમંત્રણ ચીનની કૉમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)ના શતાબ્દી ઉત્સવમાં સામેલ થવા માટે આપ્યું છે." નેપાળની ભૌગોલિક સ્થિતિ તેને વ્યૂહાત્મક રીતે ઘણી મહત્ત્વની બનાવી દે છે. વામદળોમાં વિચારોમાં મતભેદ હોવા નવું નથી, ભલે તે ભારતમાં હોય કે નેપાળમાં. પણ ચીન ભારતવિરોધી ભાવનાઓને ચાલુ રાખવા માટે નેપાળના રાજકારણમાં દખલ દઈ રહ્યું છે. હવે નેપાળમાં પણ ચીનવિરોધી ભાવનાઓ ઊભરવાની શરૂઆત થઈ રહી છે. વૈશ્વિક દ્રષ્ટિએ ભારત અને ચીન બંને માટે નેપાળમાં આવેલ રાજકીય સંકટ અગત્યનું પાસું છે, જેના વિશે હવે આગામી દિવસોમાં નેપાળની ચુંટણીના પરિણામો બાદ જ સ્પષ્ટ થશે કે તે ભારત કે ચીન કોના માટે ફાયદાકારક રહેશે.

# 'Krossing ગર્લ'

## પ્રકરણ ૩૨

પેપર દઈને હું ઘરે આવ્યો. મારો સામાન પેક કર્યો. ઘરે જવા માટે જબરદસ્ત ઉત્સાહ હતો. સાગરને ફોન જોડ્યો. તે અત્યારે હિમાલયના જંગલોમાં રખડતો હતો. મેં ઘરે જવાની વાત કરી. તેને એક વાર મધુમાસી પાસે જઈ આવવાનું કહ્યું. આમપણ હું કાલે નીકળવાનો હતો. એટલે આજે રાત્રે ત્યાં જમવા જવાનું હતું. તેની સતત આવનજાવનથી હું ટેવાઈ ગયો હતો. તે ઘરે ના હોય ત્યારે એક જાતનો ખાલીપો ચોક્કસ વર્તાતો. જે કોઈથી પૂરી શકાય તેમ નહોતો.

આવતીકાલે સવારે ઘરના બધા મેમ્બર માટે ખરીદી કરવાની હતી. મીરા મદદ કરવા સાથે આવવાની હતી. મેં ઘડિયાળમાં જોયું. ૪ વાગ્યા હતાં. ઈશિતા સાથે મુલાકાતની હજુ કલાકની વાર હતી. કંટાળો આવતાં ગ્રાન્ડ હ્રસ માં લટાર મારવાનું નક્કી કર્યું.

આ નવું મસ્ત મજાનું ગાર્ડન 'કાકાની કીટલી' ની બાજુમાં હતું. હજુ કામ ચાલુ હતું. હું સાગર જોડે ઉદ્ઘાટનમાં આવેલો. સાગર અહીંયાં બહુ આવતો. વડીલોના ટોળાની ચર્ચાઓ અને વાતચીતો વિશે તે ક્યારેક વાતો કરતો. તેના મતે વડીલોનું જ્ઞાન અને અનુભવો દેશ માટે ઉપયોગી બની શકે તેમ હતાં. હું અંદર ફરી રહ્યો હતો. જાતભાતના ગ્રુપમાં ઘડપણ પોતાનો ભૂતકાળ વાગોળતું હતું.

“સાગર ક્યાં રખડે છે ? હમણાં આ બાજુ ડોકાતો'ય નથી...” આ શબ્દો મને કાને પડ્યા. આગળ વધવા ગયો ત્યાં પાછું કોઈ બોલ્યું,

“ક્રિષ્ના, તને પૂછું છું. તું ભલે મને ના ઓળખે પણ હું તને સારી રીતે ઓળખું છું.” મેં પાછળ ફરીને જોયું. આ તો પ્રો. પવન દેસાઈ હતા. હું તેમની પાસે ગયો. તેમને પ્રણામ કર્યા.

“તે હિમાલયના જંગલોમાં છે અત્યારે. કોઈ પ્રોજેક્ટના રીસર્ચ માટે ગયો છે.” મેં કહ્યું.

“ફરી પાછો ત્યાં. તેને રીસર્ચ માટે પાછા જવાની શું જરૂર પડી ? આ છોકરો જોજે ક્યારેક બહુ મોટી મુસીબતમાં મુકાવાનો છે તેને ખબર નથી તે કોની સામે ટક્કર લઈ રહ્યો છે." પ્રોફેસર બોલ્યા.

“પ્રોફેસર, મને કંઈ સમજાયું નહીં.” મેં પૂછ્યું.

તેમને લાગ્યું કંઈ વધારે પડતું બોલાઈ ગયું હતું. “રે'વા દે, તારે એ વિશે વિચારવાની જરૂર નથી. તારી ઉંમર હજુ નાની છે. ભણવાનું કેવું ચાલે છે 'ફ્યુચર લેબ' માં ?”

“આજે જ એક્ઝામ પૂરી થઈ. હવે ઘરે જવાનો. દિવાળી વેકેશન પછી અમને હ્યુમન લૅબમાં એન્ટ્રી મળશે.” મેં હરખાતાં કહ્યું.

“આ વિસ્મય ટાગોરે પણ કેવડું સામ્રાજ્ય ઉભું કરી દીધું ? પોતાની તમામ જમીન વેચીને આ સ્કૂલમાં રોકાણ કર્યું. એ પણ પોતાના વતન બંગાળને બદલે અહીંયાં. કંઈ સમજાય એવું નથી.” મહેફિલમાંથી એક વડીલ બોલ્યા.

“રતીલાલ, એમાં બહુ કંઈ વિચારવા જેવું નથી. એ છોકરો ધૂની છે. તેનામાં શિક્ષણ, સાહિત્ય અને દેશ પ્રત્યે ગજબનો લગાવ છે. તેણે બહુ લાંબી બુદ્ધિ દોડાવી છે. તમને નહીં સમજાય.” એક પ્રોફેસર બોલ્યા.

“તમે કોઈ સમજાવો તો ખબર પડે. બાકી આજના છોકરાવના આવા કેટલાય ધંધા મગજમાં ઉતરતાં નથી.” બીજું કોઈ બોલ્યું.

“તેને શિક્ષણમાં આવનારો પરિવર્તનનો પવન પહેલાં જ પારખી લીધો છે. તેની પાસે ટૅકનોલૉજીના ઉપયોગ કરવાની સારી સૂઝ છે. અત્યારે કરોડોનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે. પઢ ટૅકનોલૉજીના ક્લાસરૂમ અને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતાં સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ સહિત સાયન્સ થિયેટર, મ્યુઝિયમ જેવા કેટલાય એડવેન્ચર ઉભા કર્યા છે. સોફ્ટવેર પણ ગજબની સમજદારી અને સિક્યુરિટી સાથે વિકસાવ્યો છે. તે સ્કૂલ ચલાવવા સાથે 'ક્રિએશન પેડ' વહેંચીને કે 'ફ્યુચર લૅબ' ના મુલાકાતીઓ પાસેથી પૈસા કમાય છે. તે વર્લ્ડનું સૌથી મોટું આઈમેક્સ થિયેટર અને આર્ટના પરફોર્મન્સ માટે આ પ્રકારના બીજા થિયેટરો પણ ડેવલોપ કરી રહ્યો છે. આ બધામાં વનટાઈમ ઈન્વેસ્ટમેન્ટ છે. તેની રોયલ્ટી કે ટિકિટોની કલ્પના કરી જુઓ ? પાંચ વર્ષમાં તેના બધા રૂપિયા ઊભા થઈ જશે. ગેરંટી સાથે કહી શકું.” પ્રોફેસર બોલ્યા.

હું વિચારે ચડ્યો. તેની વાત ખરેખર સાચી હતી. સ્કૂલની ફી નૉર્મલ હતી. સાયન્સ થિયેટર, અન્ડરગ્રાઉન્ડ મ્યુઝિયમ, પરફૉર્મિંગ આર્ટમાં થતાં પ્રોગ્રામોમાં જોરદાર ધસારો રહેતો. દરેકનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ વર્લ્ડક્લાસ હતી. સર્વિસ તથા સાઉન્ડ ટૅકનૉલૉજી પર મન ખુશ કરી દે તેવી અવ્વલ દરજ્જાની હતી. અત્યારે તો આખા દેશમાં લગભગ આ પ્રથમ સ્થળ હતું. જે આ બધી સુવિધા એક સાથે ધરાવતું હતું. તેથી ગુજરાતમાં ફરવા આવતા લોકો આની અચૂક મુલાકાત લેતાં

“પ્રોફેસર સાહેબ, હું તો વર્ષોથી મારા સ્ટુડન્ટને કહેતી, જેવી રીતે ડિઝનીએ એમ્યુઝમેન્ટ પાર્કનું સામ્રાજ્ય ખડું કર્યું છે તેમ આપણે પણ આપણાં પૌરાણિક પાત્રો કે તેની થીમ પર આવા એમ્યુઝમેન્ટ પાર્ક બનાવી શકીએ. આપણી પાસે તો આ બધાનો ક્યારેય ખૂટે નહીં તેવો મબલખ ખજાનો છે. એનું આકર્ષણ લોકોમાં ક્યારેય ઓછું નથી થવાનું. હા, થોડું મહેનત અને રોકાણ અને ક્રિએટિવિટી માંગી લે તેવું કામ છે પણ સફળતાની પૂરી ગેરન્ટી છે.” કોઈકે કહ્યું. “વર્ષાબેન, દેશમાં બધાને સલામતી જોઈએ છે, એડવેન્ચર નહીં. હજુ પણ લોકો ગરીબ છે. તેનું કારણ કામ ના મળવા કરતાં તેમની માનસિકતા છે. આજે સાંજે ખાવાના કમાઈ લે પછી કાલનું નથી વિચારતા. દારૂ, જુગાર કે અન્ય વ્યસનોની તમે અંતરિયાળ ગામડાઓમાં જાવ એટલે ખબર પડે. ખાસ કશું બદલાયું નથી.” પ્રોફેસર બોલ્યા.

“એ લોકોને જ કંઈ ના કરવું હોય તો તમે કેટલું કરી શકો ? એડવેન્ચર પાર્ક દેશમાં ઉભા થાય તો લોકોની માનસિકતામાં ઘણો ફર્ક પડશે. લોકોને સમજાશે. મંદિરો કે ડેમસાઈટ પર પિકનીક કરવા સિવાય પણ ઘણી જગ્યાએ ફરી શકાય. માહોલ તમે માનો છો એટલો બધો પણ ખરાબ નથી. દસ-પંદર વર્ષમાં એવું કંઈક સંશોધન થતું રહે છે જે માનવજાત માટે ઉપયોગી બની જિંદગી બદલી નાખે છે. જે સમય પારખી તેને વહેલું અપનાવી લે તે પૈસા અને નામના બંને મેળવી શકે.” વર્ષાબેને કહ્યું.

“હા, સાગર જેવા કેટલાય માથાફરેલા છે, જે મૂંગા મોઢે સંસ્કૃતિ અને નવા આઈડિયા માટે કામ કરતાં રહે છે. સફળતા ના મળે ત્યાં સુધી હાર માનતા નથી.” પ્રોફેસર બોલ્યા.

ફરીથી સાગરનું નામ આવતાં મારા કાન ચમક્યા.

મોબાઈલ વાઈબ્રેટ થઈ રહ્યો હતો. જોયું તો ઈશિતાનો ફોન હતો. મારે અનિચ્છાએ ચર્ચામાંથી રજા લેવી પડે તેમ હતી. હું બધાની રજા લઈ પાછો મળવાનો વાયદો કરી ત્યાંથી નીકળ્યો. સાગર શું કામ કરતો હશે ? એ સંસ્કૃતિને બચાવવા માટે કામ કરતો હશે ?

મેં બહાર નીકળી જોયું તો ઈશીતાનો મેસેજ હતો. તે એક ઈમરજન્સીને લીધે અત્યારે આવી શકે તેમ નહોતી. મને એવું લાગ્યું કે તે ખોટું બોલતી હતી. તે કાલે સવારે મને મળવા માંગતી હતી. મને બહુ ઈચ્છા નહોતી. ના પાડશે એ ઈરાદાથી સવારે ૮ વાગ્યાનો ટાઈમ કહ્યો. મારા અચરજ વચ્ચે મોબાઈલની સ્ક્રિન પર 'ઓક્કેહી' નો મેસેજ ફ્લેશ થયો.

★★★

“કાનીયા, તું એકલો જ આવ્યો. પેલો સાગરો ક્યાં ગુડાણો છે ?” મધુમાસીએ ભજીયાં પાડતાં પૂછ્યું.

“તે હિમાલયના જંગલમાં ગયો છે. એટલે કે કંઈક ગોતવા સારું.” મેં મધુમાસીને સમજાવતાં કહ્યું.

“ખબર નહીં એ છોરો શું કરવાનો થ્યો છે. રોયાના પગ જ ઘરમાં નથી ટકતા. આખા વરહના રૂપિયા એક હારેય દઈ દે. હરામ જો ચાર મહિના'ય ખાવા આવતો હોય તો.” માસી ચિંતાના સૂરમાં જલાયા.

“માસી, એ અસલ ધૂની છે. પાછો ખેપાનીય ખરો એટલે બધા હારે ભળી જાય. આજે ભજીયાં બાકી એમ બન્યાં છે. માસી, તમે આ બધું ક્યાંથી શીખ્યા. આ ઉંમરેય તમે ઢોસાં-મન્ચુરિયન કે પીત્ઝા પણ મસ્ત બનાવો છો.” દિનાએ પૂછ્યું.

“પાંચમામાં હતી તે દિ' રસોડામાં પેલી વાર પગ મૂક્યો. મા એ રોટલી શીખવાડી. જેવી આવડી એવી ધરાર વણાવી. પછીના પાંચ વરસમાં તો હું માને રસોઈ શીખવતી થઈ ગઈ. મને રસોઈનો પેલેથી જબરો શોખ. પયણીને સાસરે આવી ત્યારે ગાગર એક પાણીના રોટલા કરતી. ભેગા ઢોરને વાહીંદાને દૂઝાણાંય ખરા, જેવી તેવીને તો સાંજે તાવ આવી જાય. એવું ગદ્ધા વૈતરું ભાગમાં આયવું છે. પછી તો દુકાળ પડ્યો. ઉપરાઉપરી તન વરસ. આયાં વઈ આયવા. આંયા આયવા પછીય આજુબાજુની છોરીયું પાંહેથી સંધુંય શીખતી રઈ.”

”આજની છોકરીઓને તો રસોડામાં પગ નથી મૂકવો. આખો દિવસ બહાર રખડવું ને મોબાઈલ. બીજી કોઈ વાત નહીં.” દિનાભાઈએ કહ્યું.

“દીકરા ઈ તો પવન જ એવો છે ઈ શું કરે ? આજે દેશમાં છોકરીઓનું ચારિત્ર્ય તેના પ્રેમપ્રકરણો પરથી નક્કી થાય છે. તેના આવડત કે સંસ્કારો પરથી નહીં. મારી સામે રે ઈ મંજુડીની છોકરી જુવાનજોધ. કોલેજે જાતી એમાં કોઈ છોરા હારે આંખ મળી ગઈ. ઘરે ખબર પડી ત્યારે જાણે મોટો ગુનો કર્યો એમ મારીમારીને અધમૂઈ કરી નાખી. ૪ મહિના ઘરમાંથી બાંયણે નો નીકળવા દીધી. બાકી છોરીની ઘર સાચવવાની આવડત કે રસોઈ ચાખી લેવી. દીવો લઈને ગોતવા જાવ તોય ના મળે. એનો ભાઈ આખો દિ પાનની દુકાને બેઠોબેઠો ટીવીમાં જુગાર રઈમા કરે. ગાડી લઈને છોરીયું ફેરવે, એ છોકરી પણ કોઈની બેન-દીકરી તો હઈશે જ ને ! અરે એની ઉમર નાદાન હતી. ભૂલ થઈ ગઈ. અત્યારે નાયતમાં કોઈ છોકરો એને પરણવા તૈયાર નથી. બિચારી વગર વાંકે બદનામ થઈ ગઈ.”

મને ગીતા યાદ આવી. શું તેની હાલત પણ આવી થાશે ? કોઈ છોકરીએ પ્રેમ કરવો શું ગુનો છે ? જાણે આબરુ કે ઈજ્જત બધું છોકરીઓએ જ સાચવવાનું હોય. મારા મોઢામાં જતો કોળિયો અટકી ગયો.

“કાં કાનિયા, તુંય ક્યાંક આ પ્રેમના ચક્કરમાં તો નથી પડ્યોને ? સાચવજે હોં દીકરા ! આજના માબાપને છોકરા કરતાં પોતાની ઈજ્જત વધુ વાલી હોય છે.” મધુમાસીએ મારી ચોરી પકડી પાડી હોય એમ કહ્યું.

“ના માસી, એવું કંઈ નથી. આ તો ખાલી કંઈ યાદ આવી ગયું.” મેં જમવાનું ફટાફટ પૂરું કર્યું.

હું ફળિયામાં ટાઈગરને રમાડતો ખાટલે બેઠો. “માસી, કાલે હું ઘરે જાઉં છું. કોઈ કામ હોય તો કહો એ કરી આપું. મારે વેકેશન પડ્યું છે. પંદર દિ જવાનો છું.”

“કોઈ કામ નથી દીકરા. હવે થોડું ઓછું કરતી જાઉં છું. સારું છે સાગર ભેગો રઈને એના જેવો નથી થઈ ગયો. મારો હાળો સામેથી કામ માગે. ટાણે જ લટકાવે. એમાં એનોય વાંક નથી. પીટીયો કેટલે ઠેકાણે પોંચે. પાછા માવતર રે'ય નથી ને દિલથી ભાંગેલો. એને સાચવવાવાળી કોઈ છોરી જડી જાય ને એટલે ઘણું.”

મેં માસીની વિદાય લીધી. રોજ સાગર વિશે નવી નવી વાતો જાણવા મળતી હતી. એવો તે કેવો ભૂતકાળ હશે તેનો ? તે કામ શું કરતો હશે ? બધા હવામાં વાતો કરે છે. કોઈ ખુલીને કંઈ કહેતું નથી.

જેમ દિવસો પસાર થતા હતા એમ સાગર મને વધુ રહસ્યમય લાગી રહ્યો હતો. **(ક્રમશઃ)**

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૫-૦૧-૨૦૨૧, મંગળવાર, માગશર વદ-૭, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૧૪, જૈન નવકારશી-૮-૧૭, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૧થી અભિજીત-૧૩-૧૪ સુધી,૧૦-૧૧થી ચલ-લાભ-અમૃત-૧૪-૧૩ સુધી, ૧૫-૨૪થી શુભ-૧૩-૫૫ સુધી, ૧૯-૫૫થી લાભ-૨૧-૩૪ સુધી, ૨૩-૧૩થી શુભ-૨૪-૫૩ સુધી

**- શુભ હોરા-**

૯-૧૭થી ૧૧-૫૯ સુધી, ૧૨--૫૨થી ૧૩-૪૩ સુધી, ૧૫-૩૪ થી ૨૮-૧૬ સુધી ૧૯-૨૨ થી ૨૦-૨૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- વ્યાપારમાં સંબધોના વિકાસ તક મળે નિર્ણયો બાબત સાવધાની જરૂરી પ્રવાસમાં સફળતા

» વૃષભ(બ.વ.ઉ.) :- આર્થીક સ્થિતિમાં સુધારો થવાનો છે. વાદ વિવાદથી દુર રહેજો કાર્યભાર પણ રહેવાનો છે

» મિથુન(ક.છ.ઘ.) :- મુડી રોકાણ બાબત કોઇ જાણકાર અને હીતેચ્છુ મિત્રની સલાહ લેજો વિદેશથી લાભ મળવાનો.

» કર્ક(ડ.હ.) :- ઉપરી વર્ગ સાથે કોઇ દલીલબાજી ન કરવી નવુ કર્જ લેવાથી દુર રહેજો રોમાન્સમાં સફળતા

» સિંહ(મ.ટ.) :- સામાજીક કાર્યમાં સફળતા મળવાની છે મિલન મુલાકાત સફળ થાય મિત્રો સાથે પ્રવાસ થાય

» કન્યા(પ.ઠ.ણ.) :- આર્થીક બાબતોમાં વધુ ચીવટ રાખજો નોકરીમાં વ્યસ્ત રહેવાની સલાહ છે. ફેરફારો ન કરવા

» તુલા(ર.ત.) :- મહત્વના કાર્યો હાથ ઉપર આવે ભાગીદારો સાથે નવી યોજના બાબત ચર્ચા વિચારણા રહે

» વૃશ્ચિક(ન.ય.) :- દિવસ દરમ્યાન કાર્યભાર રહેવાનો નોકરીયાત નવી ઓફર આવે વિજાતીય મિત્રતા ગાઢ બને

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- કાર્ય શકિત વધવાની સીઝનલ ધંધાથી લાભ રહેણાંક મકાનમા રીનોવેશન કે ફેરફાર થાય

» મકર(ખ.જ.) :- સંયુકત પરિવારના વ્યવસાયમાં ફેરફારોની ઇચ્છા ફળે નબળા વિચારોને ટાળજો પ્રવાસથી લાભ

» કુંભ(ગ.શ.સ.) :- સંસ્થાના કામકાજને લઇને પ્રવાસ થાય અટકતા કાર્યોને વેગ મળે વિકાસથી લાભ

» મીન(દ.ચ.ઝ.) :- વિકાસની કે વેચવા કોઇ ઉતાવળ ન કરવી સગાઇના કાર્યમાં અવરોધો થી લાભ કર્જમાં રાહત.

# કાળા કાયદાઓ સામે સમાધાન શોધતા કિસાન આંદોલનકારીઓ અને સિંઘુ બોર્ડરની ભીતરમાં ચાલતી રાજનીતિ


સિંઘુ બોર્ડર ખાતે મોબાઇલ ગુરૂદ્વારામાં નિયમિત કિર્તન અને ગુરૂવાણીનું પઠન કરતા કિસાન પરીવારો


સિંઘુ બોર્ડર ઉપર કિસાન આંદોલનનો મુખ મંચ


રાજ પ્રજાપતિ
બ્રહ્માસ્ત્ર

**(ગતાંકથી શરૂ)** દિલ્હી પોલીસ અને સેનાઓમાં પંજાબી અને હરીયાણાના ખેડુત પરીવારના લોકો ફરજ બજાવી રહ્યા છે ખેડૂતો સાથે કોઇ ઘર્ષણ થાય તો સેનાઓ અને પોલીસ મોટી અસમંજસમાં અટવાય શકે છે,

દિવસ દરમિયાન પોલીસ અધિકારીઓ નોકરી કરે એવા ઘણા અધિકારીઓ અને ખેડૂત પરીવારના અધિકારીઓ નોકરી સમય સિવાયના સમયે સાદા ડ્રેસમાં અન્નક્ષેત્રો ઉપર સેવાકાર્યમાં જોડાયેલા હોય છે,

ત્રણેય રાજયોની સીમા ઉપર લગભગ ૬ લાખ ખેડૂતો હાઈવે બંધ કરીને બેઠા છે અને સીમાઓ ઉપર સખત બંદોબસ્ત પણ છે છતાં કોઈપણ સમયે ખેડૂતો દિલ્હીમાં કુચ કરવી હોય તો એક આદેશથી મિનિટોમાં લાખો ખેડૂતો અને હજારો વાહનો સીમાઓ ઉપરથી દિલ્હીમાં પ્રવેશ કરવા પુરતી તૈયારી સાથે રહેલા છે. આંદોલન સરળતાથી સમેટાય જવાની નજીકના ભવિષ્યમાં કોઈ શકયતા દેખાતી નથી કારણ કે કિસાન પંચાયતો અને આંદોલનના વ્યવસ્થાપક સમિતિઓએ આગામી બે વર્ષ સુધી નિરંતર આંદોલન ચલાવીને સીમાઓ ઉપર અડગ રહેવાની વ્યવસ્થાઓ કરેલી છે,

રાજકીય કપટનીતિથી આંદોલનકારીઓ અને કિસાન સંગઠનોમાં અંદરોઅંદર વિખવાદ ઉભો કરવા બધા પ્રયાસો નિષ્ફળ જાય છે ફાટફુટ પડાવવાની કે લાલચ આપીને ખરીદદારી કરવાની એકપણ ચાલબાજી સફળ થતી નથી, રાજકીય લોકોને આંદોલનમાં આવવા દેવામાં આવતા નથી તેમજ બની બેઠેલા લેભાગુ કિસાન નેતાઓને પણ મંચ ઉપર કે આંદોલનમાં પ્રવેશ થવા દેતા નથી, તેથી રાજકીય પગપેસારો કરી શકાય તેવી બારી કિસાનોએ રાખી નથી,

કિસાન પંચાયતોમાં એક એકથી ચડીયાતા રાજકીય વિશ્લેષકો અને કાયદાઓના નિષ્ણાતો પળેપળની ગતિવિધીઓ ઉપર ચાંપતી નજર રાખી રહ્યા છે,

દુનિયાભરમાં વેપાર ઉદ્યોગ નોકરીઓ કરતા લાખો શીખ પરીવારોએ આવકનો દસમો ભાગ કિસાન આંદોલન માટે સમર્પિત કરેલો છે એટલે પંજાબ હરિયાણાના સાચા ખેડુત નેતાઓને અઢળક પૈસા મળી રહ્યા છે,

શરીરથી મજબુત, પૈસાથી સમૃદ્ધ, રાષ્ટ્રીય રાજકારણના જાણકાર, સાધનો શસ્ત્રોથી અને લડતની તાલીમથી સુદ્દઢ તેમજ દાન અને સેવામાં અવ્વલ રહેલા શીખ સમુદાયના આશરે ૪-૫ લાખ લોકો એકસૂત્રતાથી દિલ્હી ફરતે કિલ્લેબંધી કરીને બેસી ગયા છે ત્યારે કેન્દ્ર સરકારના સતાધિશો માટે પણ મરજી મુજબની ચર્ચાઓ, મંત્રણાઓથી આંદોલનનો ઉપાય કરવાની કોઈ રાજનીતિ સફળ થાય એવું જોવામાં આવતુ નથી

સમાનતા અને આદર એ શીખ સમુદાયની સૌથી નોંધનીય શિસ્ત છે, પગે લાગવાની કોઈ પ્રથા આ લોકોમાં અમલમાં નથી કારણ કે બધાને સમાનતા આપવામાં આવે છે, આદર આપવા માટે બે હાથ જોડીને ઉભા ઉભા પ્રણામ કરવામાં આવે છે પરતુ શીખ ક્યારેય ગુરૂગ્રંથ સાહેબ સિવાય માથુ ઝુકાવતા નથી, નાના મોટા બધા એકબીજાના સંબોધન સાથે જી લગાવીને આદર આપે છે, અન્નદાન અને ભોજન બાબતમાં પણ સખત શિસ્ત આદર પાળવામાં આવે છે

કિસાન આંદોલનમાં ખેડૂત પરીવારોના ઉચ્ચ શિક્ષિત લોકો પણ ખભેખભા મીલાવીને રાત દિવસ સેવા આપી રહ્યા છે, શીખ કિસાનોમાં મહત્વની બાબત જાહેર સેવા છે અબજોપતિ શીખ પણ સફાઈ કરતા અથવા પગરખા ગોઠવતા અને સાફ કરતા જોવા મળશે, અન્નદાનની સેવા પ્રવૃતિ અને આવકનો દસમો ભાગ શીખ સમુદાયને વિશેષ દરજ્જો આપે છે, શીખ સમુદાયના લોકો બલિદાન આપવામાં અગ્રેસર હોય છે કારણ કે અન્યાય અને અસત્યને શીખ સ્વિકારતા નથી, ન્યાય અને સત્ય માટે મૃત્યુ સુધી લડત આપે છે શીખ સમુદાયના લોકો પુર્ણ શ્રદ્ધાળુઓ હોય છે, શીખો માથા ઉપર અનોખા પ્રકારની પાઘડી બાંધે છે આ પાઘઢી બાંધનાર માણસ તમાકુ, ગુટકા, પાન મસાલા કે બીડી સીગારેટનું સેવન કરી શકતા નથી, માથા ઉપર પાઘડી પહેરેલી હોય ત્યાં સુધી શીખ માથુ ઝુકાવતા નથી, સંપ્રદાયના નિયમોનું કડકપણે પાલન કરાનારા શીખ લોકો અતિથિ અને મિત્રતામાં સંમર્પિત રહેતા હોય છે,

**(ક્રમશઃ)**

# ગુસ્સો : કરવાનો કે દબાવી રાખવાનો


અજય પરમાર
લેખક

**(ગતાંકથી શરૂ)** એમને પણ લાગવા માંડશે કે નક્કી આ પરદેશી પાસે ઢાંકવા જેવું કશુંક જરૂર છે, ખુલ્લું પડી જાય તો પોતે ઉઘાડો થઈ જશે એવો ડર આ પરદેશીને હશે અને એટલે જ નગરજનો એને નિર્વસ્ત્ર કરવા માગે છે ત્યારે એ એનો વિરોધ કરે છે. આવી પરિસ્થિતિમાં તટસ્થો પણ વિચારી શકતા નથી કે પેલા લોકો શા માટે આનાં કપડાં ઉતારવાની કોશિશ કરે છે. કોઈક નબળી પળે ભલભલા તટસ્થોને પણ નગરવાસીઓની પંગતમાં બેસી જતાં તમે જોયા હશે.

જાહેરજીવનમાં ગુસ્સો વ્યક્ત કરવાની એક તરાહ હોય. આવેશમાં આવીને જેમતેમ બોલી નાખીને વ્યક્ત થતો ગુસ્સો ગમે તેટલો સાચો પણ હોય તોય એ વેડફાઈ જાય. આવી તક ગુમાવી દેવાથી બે રીતનું નુકસાન થાય. ગુસ્સો કરનારની જેન્યુઈનનેસ ઢંકાઈ જાય અને જેઓ ગુસ્સાને પાત્ર છે તેઓને આરોપી મટીને ફરિયાદી બનવાની તક મળી જાય.

અંગત જીવનના ગુસ્સાની બાબતમાં પણ લગભગ આ જ માપદંડો લાગુ પડે. વ્યક્તિ સાથે વ્યવહાર દ્વારા કે લાગણી દ્વારા જોડાયેલી અન્ય વ્યક્તિઓ સામે ગુસ્સો ન જ કરવો એવું ન કહી શકાય. સામેની વ્યક્તિ કશુંક ખોટું કરતી હોય ત્યારે એના હિતમાં ગુસ્સો કરવો પડે. સામેની વ્યક્તિઓ તમને અન્યાયકર્તા વર્તણૂક દેખાડતી હોય ત્યારે પણ ગુસ્સો કરવો પડે, પણ આવો ગુસ્સો જેમતેમ બોલી નાખવાથી કે ઘાંટા પાડીને દલીલો કરવાથી વેડફાઈ જવાનો. ગુસ્સો કરવાનો કોડ ઑફ કધડક્ટ કોઈએ નક્કી નથી કરી આપ્યો એટલે દરેક વ્યક્તિએ પોતાની જાતે જ એના નિયમો બનાવી લેવા પડે.

મગજ તપી જાય કે માથું ફાટફાટ થાય એવી પરિસ્થિતિમાં ઈન્સ્ટન્ટ ગુસ્સો પચવામાં ભારે સાબિત થાય. વાસ્તવમાં એ ગુસ્સો નહીં, આવેશ હોય છે. નકરી ઈન્સ્ટન્ટ પ્રતિક્રિયા-બીજું કશું જ નહીં. અંગત જીવનમાં પણ ગુસ્સો વ્યક્તિનિરપેક્ષ બનવો જોઈએ અર્થાત્ સામેની વ્યક્તિ કશુંક ખોટું કરી રહી હોય ત્યારે 'તમે તો છો જ આવા' એવા શબ્દો વાપરીને આખેઆખી વ્યક્તિને ઝપટમાં ન લેવાની સાવચેતી રાખીને ગુસ્સાને વસ્તુલક્ષી કે મુદ્દાલક્ષી બનાવી શકાય. આ ચોક્કસ બાબત વિશેનું તમારું વર્તન ન ગમ્યું. આ ખાસ પ્રસંગે તમે જે નિર્ણય લીધો તે બરાબર નહોતો. કે પછી તમારા વ્યકિતત્વની આટઆટલી બાબતો સાથે હું બિલકુલ સહમત થઈ શકું એમ નથીઃ આવું કહીને તમારા ગુસ્સાને સંસ્કારી બનાવી શકાય.

ગુસ્સો કાબૂમાં કેવી રીતે રાખવો? માનસશાસ્ત્રીઓએ દસ વિવિધ ઉપાયો સૂચવ્યા છે. આમાંથી કોઈપણ એક ઉપાય કે એક કરતાં વધુ ઉપાયોનું કૉમ્બિનેશન ઉપયોગી પુરવાર થઈ શકે. શક્ય છે કે આ બધા ઉપાયો ભૂલીને તમે તમારી આગવી રીતે ક્રોધનું નિવારણ કરવાની યુક્તિ શોધી શકોઃ

૧. ગુસ્સો આવે ત્યારે તાત્કાલિક એ સ્થળ, વાતાવરણ કે વ્યક્તિથી દૂર થઈને કોઈક ગમતા કે પછી ન્યુટ્રલ વાતાવરણમાં અથવા ગમતી કે ન્યુટ્રલ વ્યક્તિ પાસે જતા રહેવું.

૨. ખોરાક, આરામ, પ્રવાસ, ઊંઘ, સંગીત, ગમતી પ્રવૃત્તિ, શાંતિ, પ્રાકૃતિક સ્થળોની મુલાકાત વગેરેથી ક્રોધ શાંત થઈ શકતો હોય છે.

૩. ક્રોધ પ્રગટાવતી ઘટનાઓની વિગતવાર નોંધ પર્સનલ ડાયરીમાં કરી રાખવી.

**(ક્રમશઃ)**

# મુંબઈમા ૨૦૬ ગેરકાયદે શાળાઓને પાલિકાએ નોટિસ આપી બંધ કરવા જણાવ્યું

ચક્રવાત ટીમ, મુબઈ, ૪

મુંબઈ મહાનગરપાલિકાની હદમા આશરે ૨૦૬ જેટલી ગેરકાયદે શાળાઓ હોવાનું બહાર આવ્યુ છે.પાલિકા દ્વારા આ શાળાઓને બંધ કરવા તેમજ વાલીઓને આવી શાળામા તેમના સંતાનો માટે પ્રવેશ નહિ લેવા જણાવાયુ છે.આમ છતા આ શાળાઓ હજી બંધ થઈ નથી,અને સેકડો વિધ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમા આવી પડ્યુ છે.

મુંબઈ મહાનગરપાલિકાઓવી ગેરકાયદે શાળાઓની એક યાદી પણ બહાર પાડી છે.પાલિકા પ્રશાસન દ્વારા જણાવાયુ છે કે આ શાળાઓએ ઓથોરીટી પાસેથી કોઈ પણ પરવાનગી લીધી નથી.એટલુ જ નહિ વિધ્યાર્થીઓને પ્રવેશ આપી તેમના ભવિષ્ય સાથે ચેડા કરે છે. ૨૦૬ ગેરકાયદે શાળામાથી ૧૬૨ ઈંગ્લીશ મિડિયમ, ૧૬ ઉર્દુ શાળાઓ ,૧૫ હિન્દી અને ૧૩ મરાઠી ભાષાની શાળાઓનો સમાવેશ થાય છે.મોટા ભાગની અ ગેરકાયદે શાળાઓ પૂર્વ અને ઉત્તર મુંબઈમા આવી છે..જેમાની મોટા ભાગની ૬૭ ગેરકાયદે શાળા માનખુર્દ અને ગોવંડી વિસ્તારમા આવી છે.ત્યાર બાદ મલાડ ,માલવણી ,ઘાટકોપર અને ભાંડુપમા ગેરકાયદે શાલાઓ આવી છે..કોઈ પણ જાતની પરવાનગી વગર આ શાળાઓ ચાલુ છે. જે મોટે ભાગે સ્લમ વિસ્તારમા આવી છે.

પાલિકા પ્રશાસન દ્વારા આ શાળાઓને એક લાખ રુપિયાનો દંડ તેમજ શાળા બંધ કરવા અને ફરીથી શરૂ કરવા પાલિકા પ્રશાસન અને સરકાર પાસેથી એનઓસી અને અન્ય પરવાનગી મેળવવા જણાવાયું છે.રાઈટ ટુ એજ્યુકેશન કાયદા હેઠળ કોઈ પણ શાળા શરૂ કરતા પહેલા સબંધિત વિભાગોની પરવાનગી લેવી ફરજિયાત છે,જો કે કોરોના અને લોકડાઉનને કારણે પાલિકા પ્રશાસન આવી શાળાઓ સામે કડક પગલા ભરી શકી ન હતી. પરંતુ હવે જાન્યુઅરી બાદ મોટેભાગે શાળાઓ શરૂ થવાની સંભાવના છે, ત્યારે પાલિકા પ્રશાસન ફરી હરકતમા આવ્યુ છે.અને વાલીઓને આવી શાલામા તેમના બાળકો માટે પ્રવેશ નહિ લેવા જણાવી રહી છે.

## મુંબઈના મલાડ પર બસમાં આગ....



મુંબઈના મલાડ માર્વે રોડ પર અસ્મિતા બિલ્ડિંગ નજીક પાર્ક થયેલી બસમાં અચાનક આગ લાગી હતી. આગને કારણે અફરાતફરી મચી ગઈ હતી. નજીકમાં વાહનો પાર્ક કરાયા હતા. ફાયર્રિગેડના જવાનોએ આગ પર કાબુ મેળવ્યો હતો. સદભાગ્યે જાનહાનિ ટળી હતી.

# મિરા-ભાયંદરની અફશા ફારૂક કુરેશીને ગગનમા ભરવી છે ઉડાન

ચક્રવાત ટીમ, મુંબઈ, ૪

ભારે ભરવી છે ગગનમા ઉડાન તેમ હૈયામા ઠામી લેનાર અકશા કુરેશીએ લોકડાઉન પહેલા અમેરિકા જઈ ૧૦ મહિનામા પાયલટની ટ્રેનીંગ પૂરી કરી. મુસ્લિમ સમાજની આ યુવતીએ ટેલીકોમ્યુનીકેશન એન્જીનીયર બન્યા બાદ કંઈક નવુ કરવાનુ વિચાર્યુ હતુ. પિતા ફારૂક કુરેશીએ પણ તેને સહકાર આપ્યો અને એક સવારે પાયલટ બનવાનું સ્વપ્ન હોવાનું પિતાને જણાવ્યુ. આખારે અમેરિકાના ફ્લોરિડા જઈ તેણે પાયલટની ટ્રેનીંગ પૂરી કરી. સામાન્ય રીતે અમારા સમાજમા દિકરા-દિકરીઓને ભણાવી પરણાવી દેવામા અવે છે. જો મે પણ તેમજ કર્યુ હોત તો આજે નાના બની ગયો હોત, પરંતુ મારી દીકરીને પાયલટ બનવુ હતુ, તેણીએ તે પૂરુ કરી મારી સાથે સમ્રગ પરિવાર અને સમાજનું નામ રોશન કર્યુ છે તે શક્ય ન બનત, તેમ પિતા ફારૂક કુરેશીએ જણાવ્યુ હતુ. ફ્લોરિડામા તેના ટ્રેનરની તેને દાટ પડતી હતી, આથી મનમા ગાંઠ વાળી કે કોઈ પણ હાલતમા હું પાયલટની ટ્રેનીંગ પૂરી કરીશ જ, અને આખરે મનમા ધારી લીધા બાદ તેણે એક દિવસ એકલી એ જ સોલો પાયલટ વિમાન ઉડાવ્યુ, તે ક્ષણની



અનુભુતી હુ શબ્દમા બયાન કરી શકતી નથી તેમ તેણે જણાવ્યુ હતુ. એર ટ્રાફિક કંન્ટ્રોલર બની કેબિન બેસવુ નથી પરંતુ મારે તો આકાશમા ઉડવુ છે આથી હવે તેણી ભારતીય નિયમ મુજબ પાયલટનો બાકીનો કોર્સ પૂરો કરી એરલાઈન્સમા જોડાવા માંગે છે. હાલમા અફશા પર મિરા-ભાયંદરના એમએલએ ગિતા જૈન, મેયર જ્યોત્સના હસનાલે, અને પરિવારજનો શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# બિલ્ડર પાસેથી ૨૬ કરોડની ખંડણી માંગનાર છોટા રાજનને બે વર્ષની સજા

### હાલમા તિહાર જેલમા બંધ ગેંગસ્ટર પર અનેક કેસ ચાલી રહ્યા છે

ચક્રવાત ટીમ, મુંબઈ, ૪

તિહાર જેલમા બંધ અને અંડરવર્લ્ડ ડોન દાઉદનો એક વખતનો મિત્ર અને પછીથી શત્રુ બની જનાર છોટ્ટા રાજનને મુંબઈની સેશન્સ કોર્ટે બે વર્ષની સજા ફટ્કારી હતી,રાજન ઉપરાંત તેના અન્ય ત્રણ સાથીદારોને પણ આ કેસમા સજા ફટકારી હતી. પોતાને હિન્દુ ડોન તરીકે ઓળખાતા છોતા રાજન પર દાઉદે જીવલેણ હુમલો કરાવ્યો હતો.પરંતુ સદ્રભાગ્યે તે બચી ગયો હતો,પરંતુ ગોલીબારમા તેને કમ્મરના મણકા પર ઈજા થતા તે વ્હીલચેર પર જ જીવન વિતાવે છે. નાટયાત્મક રીતે છોટા રાજનની



ધરપકડ વિદેશમા કરાવ્યા બાદ ભારત મોકલી આપવામા આવ્યો હતો.ત્યારથી તે જેલમા જ બંધ છે.

નંદુ વાજેકર નામના બિલ્ડરે પુણેમા એક જમીન ખરીદી હતી,જેમા કમિશન પેટે પરમાનંદ ઠક્કર નામના એસ્ટેટ એજન્ટને બે કરોડ રૂપિયા અપવાના હતા,જો કે ઠક્કરને આ કમિશન ઓછુ પડ્યુ અને વધારે નાણા માંગ્યા હતા,જે અપવાની બિલ્ડરે ના પાડતા ઠક્કરે અ માટે છોટા રાજનનો સંપર્ક સાધ્યો હતો.૨૦૧૫મા આ ઘટના બની હતી અને ત્યાર બાદ છોટા રાજને તેના કેટલાક માણસોને બ્લિડરની ઓફિસે મોકલવાનું શરૂ કરી ધમકીઓ આપી હતી.જો કે રાજને બે કરોડની રકમ વધારી ૨૬ કરોડની માગણી કરી હતી.આથી બિલ્ડરે પોલિસમા્ ફરિયાદ કરી હતી.છોટા રાજનના મારાઓની ધરપકડ કરવામા આવી હતી.પરંતુ ઠક્કર ભાગી જવામા સફળ થયો હતો.ત્યારથી તે હજી સુધી તે ફરાર છે.દરમિયાન મુબઈની સેશન્સ કોર્ટમા અ કેસ ચાલ્યો હતો અને સેશન્સ કોર્ટે છોટા રાજન અને તેના અન્ય ત્રણ સાગરિતોને વિવિધ સજા સંભળાવી હતી.સૂત્રોના જણાવ્યા મુજબ છોટા રાજન અને દાઉદની દુશ્મની ૧૯૯૩મા મુંબઈમા થયેલા શ્રેણીબધ્ધ બૉંબ ધડાકા બાદ થઈ હતી.ત્યારથી બ્મ્ને જણા એકબીજાના લોહીના પ્યાસા બની ગયા હતા અને એકબીજાનુ કાસળ કાઢી નાખવાની કોશિશ કરી રહ્યા છે. આ પહેલા પણ છોટા રાજનને મુંબઈના અન્ય બે કેસમા સજાની સુનાવણી કરવામા આવી છે.

# કોરોના વેક્સિનેશન માટે મુંબઈમાં ૫૦૦ ટીમ સાથે મહાપાલિકા સજ્જ

### એક કરોડ વીસ લાખ નાગરિકોને વેકસિન આપવામા આવશે

ચક્રવાત ટીમ, મુંબઈ, ૪

ભારતમા કોરોનાને માત આપવા માટે વેકક્સિનની તૈયારીઓ ચાલી રહી છે,ત્યારે મહારાષ્ટ્ર અને મુંબઈ પણ તેમાથી બાકાત નથી.કોરોના વેકસિન માટે ૭ જાન્યુઆરી સુધી યુધ્ધના ધોરણે તાલિમ આપવામા આવી રહી છે.કોવિડ ડિજીટલ પ્લેટફોર્મ પર આરોગ્ય સેવકના ડેટા અપલોડ કરવામા આવી રહ્યા છે.

પહેલા ટપ્પા અને બીજા ટપ્પાના તબક્કા માટે મુબઈ મહાપાલિકા સજ્જ થઈ છે.બીજા ટપ્પામા દશ હજાર કર્મચારીઓને તાલિમ આપવામા આવી છે.પહેલા તબક્કામા આઠ કેન્દ્રમા એક લાખ પચ્ચીસ હજાર આરોગ્ય કર્મચારીઓને કોરોનાની રસ્સી આપવામા આવશે. કોરોનાની રસીનો પૂરવઠો હાથમા આવતા જ ૨૪ કલાકમા કામગીરી હાથ ધરાશે આ માટે પહેલા તબક્કામા ૫૦૦ ટીમ તેમજ ૨૫૦૦ પેરામેડિકલ સ્ટાફ ફરજ પર હાજર રહેશે જે બે થી ત્રણ શિફટમા કામ કરશે.

કોવિડ વેકસિન આપવા માટે રાજ્યમા અનેક ઠેકાણે તૈયારીઓ થઈ ચૂકી છે.કોવિન ડિજીટલ પ્લેટફોર્મ પર ડેટા અપલોડ થાય છે.નિયમિત રસીકરણ કાર્યક્રમ માટે વેકસિનનું વિતરણ તેનો પૂરવઠો અને કોલ્ડ સ્ટોરેજમાથી વેકસિન સેન્ટર સુધી પોલિસ બંદોબસ્ત હેઠળ લઈ જવા વધારાના વાહનો પણ તૈયાર રાખવામા આવ્યા છે..કાંજુરમાર્ગ ખાતે પરિવાર ઈમારતના પહેલા માળા પર પાંચ હજાર સ્કેવર્ફીટની જગ્યા વેકસિનનો પૂરવઠો કરવા બનાવાશે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને કેન્દ્ર સરકારના નિયમ મુજબ કોવિડ સ્ટોર અહિ બનાવવામા આવશે. કોરોનાની રસી મોબાઈલ નંબર પર મેસેજ દ્વારા કોને અપાશે તેની જાણ કરાશે.સૌથી પહેલા આરોગ્ય સેવક,ત્યાર બાદ ફ્રંન્ટલાઈન વર્કર્સ ,પછી ૫૦ વર્ષથી વધુ વયના લોકો તેમજ અન્યને અપાશે. મહારાષ્ટ્રમા સાડા સાત લાખ આરોગ્ય કર્મચારીની કોવિન સોફટવેર રસીકરણ માટે નોંધણી કરવામા આવી છે.આશરે ૭૦ હજાર આવા કાર્યકરોને પ્રથમ રસી આપવા માટે અગ્રતાક્રમ અપવામા આવશે. મેડિકલ એક્સપર્ટના જણાવ્યા મુજબ કોઈ પણ રસી ૧૦૦ ટકા સુરક્ષિત નથી હોતી.હાલની રસીનો અભ્યાસ થયો છે. અને તે સુરક્ષિત હોવાનુ જણાય છે.આમ છતા કેટલીક એલર્જી સહિત નાની મોટી મુશ્કેલીઓ થઈ શકે.

મુંબઈમા કોરોના વેકસિન પૂરવઠાની ક્ષમતા મુજબ એક કરોડ વીસ લાખ નાગરિકોને વેકસિન આપવામા આવશે.

# મુંબઈ ડ્રગ રેકેટનું જોડાણ ટોલીવુડ સાથે ? બાંન્દ્રા, મીરા રોડમાં એનસીબીના છાપો

### મિરારોડની હોટલમાથી અભિનેત્રીની અટક, ડ્રગ્સ સપ્લાયર ફરાર

ચક્રવાત ટીમ, મુંબઈ, ૪

એનસીબી બોલિવૂડના ડ્રગ કનેક્શન્સ અંગે ઉંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે, ત્યારે ચોંકાવનારી માહિતી બહાર આવી છે કે મુંબઈનું ડ્રગ રેકેટ હવે ટોલીવુડ સાથે જોડાયેલું છે. શનિવારે રાત્રે બાંદ્રા અને મીરા રોડની હોટલ પર એનસીબીના છાપા દરમિયાન એક ટોલીવૂડ અભિનેત્રીની ધરપકડ કરવામાં આવી હતી અને આશરે ૧૦ લાખ રૂપિયાની કિમતનું ડ્રગ્સ જપ્ત કર્વામા આવ્યુ છે. તેથી, ડ્રગ રેકેટ નેટવર્ક ફક્ત બોલિવૂડ સુધી મર્યાદિત નથી, પરંતુ તે ટોલીવુડમાં ફેલાયું હોવાનું કહેવાય છે. એનસીબીએ ગઈકાલે બાંદ્રા અને મીરા રોડ પર દરોડા પાડ્યા હતા. મીરારોડની ક્રાઉન બિઝનેસ હોટલ પર એનસીબી દ્વારા છાપો મારવામા આવ્યો હતો. આ વખતે એક ટોલીવુડ અભિનેત્રી ડ્રગ સપ્લાયર સઈદ સાથે મળી હતી. અભિનેત્રી સાથેનો ડ્રગ્સ સપ્લાયર ફરાર થઈ ગયો હતો. અને અભિનેત્રીની એનસીબીએ અટક કરી છે. આ હોટલ અને હોટલ સંચાલક છેલ્લા કેટલાક દિવસોથી એનસીબીના રડાર પર હતા. એનસીબીને ટીપ વડે માહિતીની જાણ થતાં તેઓએ આ કાર્યવાહી કરી અભિનેત્રીની અટક કરી હતી. અભિનેત્રી ૧ જાન્યુઆરીએ હોટલમાં ઉતરી હતી. છાપામાં ૧૦ લાખની કિમતનું ડ્રગ્સ કબજે કરવામાં આવ્યું છે. ફરાર થયેલ સઈદનું બોલિવૂડ ડ્રગ્સ સાથે કોઈ જોડાણ છે? આની તપાસ કરવામાં આવી રહી છે. મીરા રોડ સ્થિત ક્રાઉન બિઝનેસ હોટલ પણ શંકાના દાયરામાં છે અને હોટલ પાસેથી અત્યાર સુધી કોણ ઉતર્યું છે તેની માહિતી એનસીબી દ્વારા મંગાવવામા આવી છે. શું તેમની પાસે ડ્રગ્સનો કોઈ જાણકારી છે? સૂત્રોએ જણાવ્યું કે માહિતી પણ માંગવામાં આવી રહી છે. એનસીબીએ શનિવારે રાત્રે પણ બાંદ્રા પર દરોડો પાડ્યો હતો અને ચાંદ મોહમ્મદ શેખ નામના શખ્સની અટક કરી હતી. એનસીબીને તેની પાસેથી ૪૦૦ ગ્રામ ડ્રગ્સ મળી આવ્યુ હતુ. ચાંદ મોહમ્મદ એક બહુરાષ્ટ્રીય કંપનીમાં મોટા પદ પર નોકરી કરતો હતો. જોકે, ડ્રગ્સની હેરાફેરીમાં તેની સંડોવણી મળી આવી છે.

# શિવસેનાના સંઘટક હેમરાજ શાહના નેતૃત્વમાં ગુજરાતીઓનો ૧૦મીએ મેળાવો

### મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમા શિવસેના મેદાનમા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૪

આગામી ફેબ્રુઅરી ૨૦૨૨મા મુંબઈ સાથે ૧૦ મહાનગર પાલિકાની ચૂંટણી અત્યંત અલગ પરિસ્થિતીમા યોજાશે. ભાજપના હાથમાંથી સત્તા સંકુચિત મનોવૃતીથી શિવસેનાના પક્ષ પ્રમુખ ઉધ્ધવ ઠાકરે હસ્તગત કરેલ છે.જેનાંથી ભાજપના નેતાઓ અસ્વસ્થ થયા છે.મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે આપણી મુંબઈકરની પ્રતિભા સંભાળીને ‘સર્વ ધર્મ સમભાવ’ની નીતિથી ઉત્કૃઠ કાર્ય કરી રહ્યા છે. અને સંકટોનો સામનો કરી મહારાષ્ટ્રમા કોરોનાની મહામારીનો સામનો કરી એમાંથીએ બહાર આવવા સંકટમા યશ મળતા જેનાથી ભાજપ નેતાઓ અસ્વસ્થ થયા છે. મુંબઈ મહાનગરપાલિકાના ભગવો ઝંડો ખેંચવા પ્રયત્ન કરે છે. શિવસેનાની દ્દષ્ટિએઆ ચૂંટણી પ્રતિષ્ઠાની છે. આ પાશ્વભુમિ પર શિવસેના રાષ્ટ્રીય સંઘટક હેમરાજ શાહે રવિવારે ૧૦ જાન્યુઆરી ૨૦૨૧ના સવારે ૧૦ વાગે નવનીત હોલ, ગુજરાતી સમાજ ભવન,૧લે માળે, લોટસ પેટ્રોલપંપ સામે. જોગ્રેશ્વરી (પશ્રિમ) મુંબઈ ૪૦૦૧૦૨ ખાતે મેળાવાનું આયોજન કરેલ છે. મહામારીના નિયમોનું પાલન કરી સભાગૃહમા ૧૦૦ શિવસૈનિકોને પ્રવેશ અપાશે. સર્વેને માસ્ક સાથે સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી રાષ્ટ્રીય સંઘટક હેમરાજ શાહ દ્વારા કરવામા આવી છે.

# વર્ષા રાઉત એક દિવસ પહેલા ઈડી ઓફિસમાં હાજર

### અગાઉ ત્રણ વખત સમન્સ મળ્યા હતા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૪

ત્રણ વખત સમન્સ મળ્યા હોવા છતાં ઈડી સમક્ષ પૂછપરછ માટે હાજર ન થનાર વર્ષા રાઉત તેમણે માગેલી મુદતના એક દિવસ પહેલા ઈડીની ઓફિસમાં હાજર થયા હતા તેમની પૂછપરછ બાદ આવતીકાલે ફરી બોલાવવામાં આવ્યા છે.

ઈડી દ્વારા વર્ષા રાઉતને હાજર થવા માટે ૫ જાન્યુઆરીએ સંમન્સ આપવામા આવ્યો હતો.. શિવસેનાના સાંસદ અને નેતા સંજય રાઉત અને બીજેપીના કેન્દ્રીય નેતા વચ્ચે આ બાબતે વાક્યુદ્ધ છેડાયું હતું. જો કે વર્ષા રાઉત આજે એક દિવસ પહેલા જ ઈડી ઓફિસમા બપોરના હાજર થયા હતા. પીએમસી બેંકમાં થયેલા કથિત કૌભાંડની તપાસ માટે વર્ષા રાઉતને ૨૯ ડિસેમ્બરે ઈડી સમક્ષ હાજર થવા આદેશ આપવામાં આવ્યો હતો. તે પછી, વર્ષા રાઉતે ૫ જાન્યુઆરી સુધીનો મુદત માંગી હતી..વર્ષા રાઉતને પીએમસી બેંક ખાતાથી સંબંધિત દસ્તાવેજો સાથે ઓફિસ આવવાનું કહેવામાં આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સંજય રાઉતની નજીકના વિશ્વાસુ પ્રવીણ રાઉતની પત્ની માધવી રાઉત અને વર્ષા રાઉત વચ્ચે નાણાકીય વ્યવહાર ઈડીના રડાર પર હતા. પ્રવીણ રાઉતની ઈડી દ્વારા થોડા દિવસો પહેલા ધરપકડ કરવામાં આવી હતી. જોકે, તે જામીન પર છૂટી ગયા છે.. ઈડી દ્વારા વર્ષા રાઉતને પીએમસી બેંક કેસમાં સમન્સ અપાયું હતું. વર્ષ ૨૦૧૯ માં રિઝર્વ બેંકને જાણ કરવામાં આવી હતી કે પીએમસી બેંક ખોટા ખાતા હેઠળ રીઅલ એસ્ટેટ વિકાસકર્તાને આશરે ૬૫૦૦ કરોડ રૂપિયા ધિરાણ આપે છે. ટ્રાન્ઝેક્શન અટકાવવા અને પૈસા બચાવવા માટે આરબીઆઈએ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ પીએમસી બેંક પર પ્રતિબંધો લાદ્યા હતા. આ નિયંત્રણો ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી લંબાવી દેવામાં આવી છે. ઈડી આ મામલે તપાસ કરી રહી છે. મુંબઈ પોલીસની ઈકોનોમિક બ્રાંન્ચે સારંગ વાધવાન અને રાકેશ વાધવાનની પીએમસી બેંકની લોનમાં ડિફોલ્ટ થવા બદલ ધરપકડ કરી હતી. બંને એચડીઆઈએલના ડિરેક્ટર છે. પીએમસી બેંકના કુલ ૪૪ મોટા ડિફોલ્ટ એકાઉન્ટમાંથી, ૧૦ ખાતા એચડીઆઈએલ અને વાધવાન સાથે સંબંધિત છે. તેથી, આ ક્રિયાને મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# સોશ્યલ મિડિયા પરની ઓળખાણ ફેશન ડિઝાઈનરને પડી ભારે

### સીએ દ્વારા બળાત્કાર અને રૂપિયા પણ પડાવાયા

ચક્રવાટ ટીમ, મુંબઈ ૪

મુંબઈની એક ફેશન ડિઝાઈન મહિલાને સીએ સાથે સોશ્યલ મિડિયા પર થયેલ ઓળખાણ ભારે પડી હતી.આ સીએ દ્વારા તેની પાસેથી નાણા પણ પડાવાયા હતા અને લગ્નની લાલચ આપી બળાત્કાર કરાયાની ફરિયાદ વાકોલા પોલિસ મથકમા નોંધાય હતી.જો કે પોલિસ હાલમા ફરિયાદની તપાસ કરી રહી છે અને સીએની ધરપકડ થઈ હતી. કુર્લાના ગોવાવાલા કમ્પાઉન્ડમાં રહેતા ફુરકાન ખાન વિરુદ્ધ ૨૫ વર્ષની યુવતીએ ફરિયાદ કર્યા બાદ વાકોલા પોલીસે એફઆઈઆર નોંધી હતી., એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. ફેશન ડિઝાઈનર આ યુવતીએ ફરિયાદમા જણાવ્યું હતું કે ગયા વર્ષના જાન્યુઆરીમાં સોશિયલ મીડિયા મારફત તે ખાનના સંપર્કમાં આવી હતી અને પછી બન્ને ઑનલાઈન ચૅટિંગ કરવા લાગ્યાં હતાં. બીજે જ મહિને ખાને પોતાના ખર્ચ માટે યુવતી પાસેથી ૧૦ હજાર રૂપિયાની માગણી કરી હતી. એક ફ્રેન્ડ પાસેથી ઉછીના લઈ આ રકમ તેણે ખાનને આપી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. થોડા દિવસ પછી યુવતીએ ખાન પાસેથી એ રકમ પાછી માગી હતી, પરંતુ વિવિધ કારણો આપી ખાને તેના કૉલ્સ રિસીવ કરવાનું બંધ કરી દીધું હતું. સપ્ટેમ્બરમાં યુવતીએ ખાનનો સંપર્ક કરવામાં આવતાં તેણે સામે મળીને રૂબરુ રૂપિયા આપવાની તૈયારી દાખવી હતી. બીજે મહિને ખાન યુવતીના ઘરે ગયો હતો, જ્યાં યુવતી એકલી જ રહેતી હતી, એવું અધિકારીનું કહેવું છે.ઘરે પહોંચેલા ખાને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેના પર યુવતીએ વિશ્ર્વાસ મૂક્યો હતો. યુવતી ઘરે એકલી હોવાની તક ઝડપી તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઘટના બાદ તે વિવિધ પ્રકારે યુવતીને ત્રાસ આપવા લાગ્યો હતો, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.આથી યુવતીએ પોલિસમા ફરિયાદ નોંધાવી હતી.હાલમા પોલિસ આ સમ્રગ ઘટનાની તપાસ કરી રહી છે.

## રીયા ચક્રવર્તી ભાઈ સાથે એનસીબી મથકમાં હાજર



ડ્રગ કેસમાં સંડોવાયેલા રીયા ચક્રવર્તી અને ભાઈ શોવિકે એનસિબી મથકમાં આજે હાજરી પુરાવી હતી. અધિકારીઓએ તેમની પૂછપરછ પણ કરી હતી.

# સોના-ચાંદીના વાયદામાં નવા સપ્તાહનાં કામકાજના પ્રારંભે ભાવમાં તેજીનો માહોલ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૦૪

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૭૩૮૭ સોદામાં રૂ.૧૪૮૪૧.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદામાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ ભાવમાં તેજી સાથે થયો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩૫ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૨,૧૧૮ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓમાં પણ સાર્વત્રિક વૃદ્ધિ રહી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં રબરના વાયદામાં પ્રત્યાઘાતી ઉછાળો ભાવમાં રહ્યો હતો. કપાસ, કોટન, સીપીઓમાં પણ તેજીનો સંચાર થયો હતો, જ્યારે મેન્થા તેલમાં નરમાઈ રહી હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૩૮૧૪૦ સોદાઓમાં રૂ.૮૪૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૩૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૧૨૨૨ અને નીચામાં રૂ.૫૦૩૦૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૩૫ વધીને રૂ.૫૧૧૭૯ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૧૮ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૪૦૯૨૮ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૪ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૫૦૯૫ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦૫ વધીને બંધમાં રૂ.૫૦૯૮૬ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૪૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૩૪૫ અને નીચામાં રૂ.૬૮૪૯૯ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૧૮ વધીને રૂ.૭૦૨૪૧ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૦૨૯ વધીને રૂ.૭૦૧૩૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૦૧૯ વધીને રૂ.૭૦૧૧૩ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૨૯૧૩ સોદાઓમાં રૂ.૧૯૧૭.૭૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૫૮૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૪૩ અને નીચામાં રૂ.૩૫૬૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૪ વધીને રૂ.૩૫૮૧ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૮૭૭ સોદાઓમાં કુલ રૂ.૩૩૦.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૭૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૫૦ અને નીચામાં રૂ.૨૦૭૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૭૦ વધીને રૂ.૨૧૧૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૮૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬.૨ વધીને બંધમાં રૂ.૯૯૬ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૭.૯ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૮ અને નીચામાં રૂ.૯૯૫.૨ રહી, અંતે રૂ.૯૯૮.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૦૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨૦ અને નીચામાં રૂ.૧૨૦૭ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૨.૫૦ વધીને રૂ.૧૨૧૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૭૨૮૧ સોદાઓમાં કુલ રૂ.૩૯૯૮.૮૭ કરોડ ની કીમતનાં ૭૮૪૫.૯૫૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૧૦૮૫૯ સોદાઓમાં કુલ રૂ.૪૪૯૮.૧૩ કરોડ ની કીમતનાં ૬૪૩.૮૧૫ ટન, ક્રૂડ તેલમાં ૮૧૬૦ સોદાઓમાં રૂ.૫૦૮.૫૩ કરોડનાં ૧૪૧૧૫૦૦ બેરલ્સ, કોટનમાં ૯૩૭ સોદાઓમાં રૂ.૬૯.૪૨ કરોડનાં ૩૨૮૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૮૪૭ સોદાઓમાં રૂ.૨૫૫.૪૯ કરોડનાં ૨૫૭૩૦ ટન.

**આણંદ જિલ્લાના નાગરિકોને રૂ.૧૬૭.૯૩ કરોડના પાણી પુરવઠા–સુએજ ટ્રીટમેન્ટના કામોની ભેટ ધરતા મુખ્ય મંત્રી**

# આણંદ જિલ્લામાં આઠ વિકાસ પ્રકલ્પોનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

ચક્રવાત ટીમ આણંદ, તા.૦૪

મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે, રાજયમાં પીવાના પાણીના અસરકારક વ્યવસ્થાપન માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી આગામી વર્ષ-૨૦૨૨ સુધીમાં રાજયના તમામ ઘરોમાં નળથી જળ પહોંચાડવા માટે સરકાર પ્રતિબધ્ધ છે.

આ સંદર્ભમાં મુખ્ય મંત્રીએ ઉમેર્યું કે, રાજયમાં પીવાના પાણીના રૂપિયા ૪૦૦૦ કરોડના કામો હાથ ધરી છેવાડાના વિસ્તારો અને ઘર-ઘર સુધી પીવાનું શુધ્ધ પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય ઉપાડયું છે. ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસની જેમ ઇઝ ઓફ લીવીંગ દ્વારા લોકોના જીવનધોરણમાં બદલાવ આવે તેની પણ સરકારે ચિંતા કરી છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજે ટાઉન હોલ, આણંદ ખાતે આણંદ જિલ્લાના ઉમરેઠ, આંકલાવ, પેટલાદ, સોજિત્રા અને ખંભાત તાલુકામાં પીવાના શુદ્ધ પાણી અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના રૂા. ૧૬૭.૯૩ કરોડ સહિત જનસુવિધા અને જનસુખાકારીના કુલ રૂ.૧૭૨.૧૨ કરોડના આઠ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

મુખ્ય મંત્રીએ ઉમેર્યું કે, ગુજરાતને પાણીદાર બનાવી વીજ સરપ્લસ સ્ટેટ સાથે વોટર સરપ્લસ સ્ટેટ બનવા તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું આગામી વર્ષ-૨૦૨૪ સુધીમાં દેશના તમામ ઘરોમાં નળથી જળ પહોંચાડવાનું સ્વપ્ન છે રાજય સરકારે આ સંકલ્પને વર્ષ-૨૦૨૨ સુધીમાં સાકાર કરવા રાજયમાં દર માસે એક લાખ ઘરોને નળ આપવાના લક્ષ્યાંક સાથે કામ ચાલી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, કડાણા, સીપુ, દાંતીવાડા, ધરોઇ, ઉકાઇ અને પાનમ જેવી મોટી નદીઓ આધારિત યોજનાઓથી આપણે ગુજરાતમાં પીવાના પાણીની અછત દૂર કરવા નેવાના પાણી મોભે ચડાવ્યા છે. મુખ્ય મંત્રીએ ખેડૂતોને સિંચાઇ માટે રાત્રે ઉજાગરા ન કરવા પડે તે માટે કિસાન સૂર્યોદય યોજનાના બીજા તબકકાનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ માસના અંત સુધીમાં ૪૦૦૦ ગામોને દિવસે વીજળી મળતી થઇ જશે તેમ તેમણે ઉમેર્યું હતું. કોંગ્રેસના શાસનમાં



માત્ર ૨૬ ટકા લોકોને જ નળથી પાણી મળતું હતું. આજે રાજયમાં ૮૨ ટકા લોકોને નળથી જળ મળી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્ય મંત્રીએ કોરોના મહામારી વચ્ચે પણ રાજયની વણથંભી વિકાસયાત્રા અવિરત ચાલુ રહી છે. રાજયમાં ૨૧ હજાર કરોડના વિકાસ કામોનું લોકાપર્ણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ગુજરાત આજે સમગ્ર ભારતનું રોલ મોડલ બનવા સાથે વિકાસનું ગ્રોથ એનજિન બન્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્ય મંત્રીએ જણાવ્યું કે, અગાઉ કોંગ્રેસના શાસનામાં ગુજરાતનું કુલ બજેટ માત્ર રૂપિયા આઠ હજાર કરોડનું હતું જયારે વર્ષ-૨૦૨૦માં અમારી સરકારનું બજેટ રૂપિયા બે લાખ દસ હજાર કરોડ છે. અગાઉ પાણી પુરવઠા વિભાગમાં માત્ર ૪૦૦ કરોડની ફાળવણી કરવામાં આવતી હતી તેની સામે અમારી સરકારે દરેક વિભાગમાં ઓછામાં ઓછા ૧૪ હજાર કરોડની ફાળવણી કરી છે એટલું જ નહીં માત્ર શિક્ષણ વિભાગનું બજેટ જ ૩૦ હજાર કરોડ છે. મુખ્ય મંત્રીએ ઉમેર્યું કે, રાજયમાં વિકાસ કામો માટે નાણાંનો કોઇ પ્રશ્ન જ નથી. ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં સરકારી તિજોરી પર ભ્રષ્ટાચારના બાખોરા હતા તેને પરિણામે વિકાસ રૂંધાયો હતો. અમારી સરકારે પ્રજાના એક-એક પૈસાનો સદઉપયોગ કરી ઈમાનદારી અને પારદર્શી વહીવટ દ્વારા સમગ્ર રાજયમાં વિકાસના કામો હાથ ધર્યા છે. મુખ્ય મંત્રીએ ઉમેર્યુ કે, ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં કેન્દ્રમાંથી એક રૂપિયો મોકલવામાં આવતો પરંતુ લોકો સુધી પહોંચતા ૮૫ પૈસા ઘસાઇ જતા હતા. પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી કેન્દ્રમાંથી એક રૂપિયો મોકલે છે અને પુરેપૂરો રૂપિયો વિકાસ કામોમાં વપરાય છે. કોંગ્રેસે દેશમાં ૫૦ વર્ષ સુધી શાસન કર્યું, પરંતુ લોકોને પ્રાથમિક જરૂરિયાતની સુવિધાઓ પહોંચાડી નહોતી તેમ જણાવતાં મુખ્ય મંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સક્ષમ નેતૃત્વમાં આજે દેશના પ્રત્યેક ઘરમાં શૌચાલય, વીજળી, આવાસ, ગેસ જેવી પાયાની પ્રાથમિક જરૂરિયાતો પહોંચાડવામાં આવી છે. કોંગ્રેસ આજે ખેડૂતોના નામે મગરના આંસુ સારી રહી છે. સરદાર સરોવર ડેમનું કામ પૂર્ણ થતાં ડેમ પર દરવાજા બેસાડવાની મંજૂરી વર્ષો સુધી લટકાવી જેના કારણે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો પીવાના અને સિંચાઇના પાણીથી વંચિત રહ્યા તેમ જણાવતાં મુખ્ય મંત્રીએ ઉમેર્યુ કે, નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બનતાં માત્ર ૧૭ દિવસમાંજ ડેમ પર દરવાજા બેસાડવાની મંજૂરી આપી હતી. મુખ્ય મંત્રીએ જણાવ્યું કે, રાજયના ૨૫ ટકા વિસ્તારમાં ૭૫ ટકા વરસાદ, જયારે ૭૫ ટકા વિસ્તારમાં ૨૫ ટકા વરસાદ પડે છે, અમારી સરકારે હાથ જોડીને બેસી રહેવાને બદલે પડકારોનો સામનો કરી પીવાના અને સિંચાઇના પાણી માટે સુવ્યવસથિત આયોજન કરી આગળ વધી રહ્યાં છીએ.

## ઊનામાં સી.એમ.નું સ્ટેજ બન્યું સેલ્ફીનું સ્ટેજ



ચક્રવાત ટીમ ઊના કૈલાશ ભટ્ટ, તા.૦૪

ઊનામાં મુખ્ય મંત્રીનો કાર્યક્રમ પૂર્ણ કરી નીચે ઉતરતાજ ઊના પીજીવીસીએલના કર્મચારી અને અધિકારીઓએ સ્ટેજ સંભાળી લેતાજ ફોટો સેશન તેમજ સેલ્ફી લેતા હોય આ દ્રશ્યો સ્ટેજની નિચે કામ કરતા શ્રમિકો જોતા તેવો પણ સ્ટેજ પર પહોંચી જઇ ગ્રૃપમાં ફોટો સેશન કરવા લાગેલ. જ્યારે બીજી તરફ પીજીવીસીએલના મહીલા કર્મચારીઓ પણ પોત પોતાના ગ્રૃપમાં સેલ્ફી તેમજ ફોટો સેશન કરતા જોવા મળ્યા છે.

## પત્રકાર એકતા સંગઠનની અમરેલી સર્કિટ હાઉસ ખાતે મીટીંગ યોજાઇ ગઇ

ચક્રવાત ટીમ મોટીકુકાવાવ, તા.૦૪

પત્રકાર એકતા સંગઠનની અમરેલી જિલ્લાના પત્રકારોની મીટીંગ ૩/૧/૨૦૨૧નાં બપોરે ૪/૦૦ કલાકે સર્કિટ હાઉસના હોલમા મીટીંગનું આયોજન રસિકભાઈ વેગડા અને ભવદિપ ઠાકર ની ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર એકતા સંગઠનના પ્રદેશ પ્રમુખ લાભુભાઈ કાત્રોડીયા તેમજ પ્રદેશ ઉપપ્રમુખ ગીરવાન સિહ સરવૈયા અને ગાંધીનગરથી ગૌરાંગભાઈ પંડ્યાની ઉપસ્થિતિમા યોજાયેલ મીટીંગમા અમરેલીથી ઝોન પ્રભારી રાજુભાઈ શાહ ઝોન સહ પ્રભારી ભવદીપ ઠાકર, બોટાદ જિલ્લા પ્રમુખ ધર્મેન્દ્ર લાઠીગરા અને તેની ટીમ ભાવનગરથી આઇ.ટી.સેલના સમીર બાવાણી, નરેશ ભાઈ ડાખરાં, જલદીપ ભટ્ટ



સહિતનાઓની હાજરીમાં ઉપસ્થિત પત્રકારોને માર્ગદર્શન આપી સ્વાગત, સ્વાગત પ્રવચન અને પ્રાસંગિક માર્ગદર્શન અમરેલીના સિનિયર પત્રકારો અતુલભાઈ દવે, અમરુ ભાઈ વરું, હિરેનભાઈ ચૌહાણ, ગૌરાંગ ભાઈ સોઢા, ભરત ભાઈ ત્રિવેદી, દીપેશ વાઘેલા, જયસુખભાઈ સહિત અસંખ્ય પ્રત્રકરો જિલ્લા ભરમાંથી ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમા ૨૫ જિલ્લા અને ૧૦૦ તાલુકા સમિતિ સાથેનું એક માત્ર સંગઠન એટલે 'પત્રકાર એકતા સંગઠન' સર્વાનુમતે હોદ્દેદારોની વરણી અને સંગઠનની રચનાના સ્ટેપ વિશે પ્રદેશ પ્રમુખે માર્ગદર્શન આપી. અમરેલી જિલ્લાના કાર્યકારી પ્રમુખ તરીકે સર્વાનુમતે વિક્રમ સાખટની નિયુક્તિને સૌએ તાળીઓ થી વધાવી. ફૂલહાર કરી નિયુક્તિ પત્ર આપવામાં આવ્યું હતું. જિલ્લા સંગઠનની કારોબારીની રચના પણ કરવા ફરી દિન ૧૫મા ફરી મીટીંગ યોજવા નક્કી કરવામાં આવ્યું હતું. અને પત્રકાર એકતા સંગઠનની રચના અંગે સૌનો આભાર પ્રદેશ અધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો. પત્રકારોની ગુજરાતમા સરકાર દ્વારા સૌથી વધુ અવગણના કરવામાં આવી છે. મોંઘવારી ધારાસભ્યો અને સાંસદો ને નડે છે. તો પત્રકારોને પણ પરિવાર છે. આટલી નફરત કે અવગણના કેમ..? પત્રકારની સુરક્ષા માટે કાનૂની જોગવાઈ કેમ નહિ...? નાના મોટા પત્રકારો એકઠા થઈ પત્રકારોની સમસ્યાઓ સામે લડવું પડશે. જિલ્લા ના પત્રકારો એ સંગઠિત થવા અને પ્રશ્નો માટે લડવા તૈયારી બતાવી હતી. માહિતી ખાતાના અધિકારીઓના મનસ્વી વર્તન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ચોટીલામાં ભંગારના વાડામાં આગ લાગી



ચક્રવાત ટીમ ચોટીલા, તા.૦૪

ચૉટીલા માં નેશનલ હાઈવે નં૮ અજમેરા પ્રેટ્રોલ પંપ સામે ભંગારના ડેલામા રાત્રે અચાનક જઆગ લાગી હતી. આ ભંગારના ડેલામા લાગેલી આગથી અંદાજીત ૧ થી ૨ લાખનો ભંગાર ભસ્મીભુત/રાખ થતાં ત્યાંના માલિકને મોટી નુકસાની થઈ. ઘટના સ્થળ પર અનેક લોકો એકત્ર થઈ ગયા હતા ત્યાં સત્વરે નગરપાલિકાની અગ્નિશામક ગાડી આવી અને પાણી નો મારો ચલાવ્યો ત્યારે આગ કાબુ મા આવી. ચોટીલાના આ ભંગારના ડેલામાં લાગેલી આગનું હાલ કોઈ કારણ જાણવા મળેલ નથી. સદનસીબે કોઈ જાન હાનિ થયેલ નથી.

## ઊના દિવ રોડ પર બાઈક સ્લીપ થતાં અકસ્માત : યુવાનનું ઘટના સ્થળે જ મોત

ચક્રવાત ટીમ ઉના, તા.૦૪

ઊના દિવ રોડ પર આવેલ જશરાજ ટાઉનસીપ પાસે દિવ થી ઊના તરફ બાઇક પર આવતો યુવાનનું બાઇક સ્લીપ થતાં અકસ્માત સર્જાતા ગંભીર ઇજાથી તેમનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ રાજેશભાઇ હસમુખભાઇ મારૂ ઉ.વ.૫૦ સમી સાંજના સમયે બાઇક પર દિવથી ઉના તરફ આવતા હોય એ દરમ્યાન દેલવાડા નજીક જશરાજ ટાઉન સીપ પાસે અચાનક બાઇક સ્લીપ થયેલ હોય યુવાન નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઇજા પહોચા લોહી લોહાણ હાલતમાં ઢળી પડેલ હતો. આ યુવાનને સારવાર મળે તે પહેલાજ તેમનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. જોકે આ બાઇક ચાલકનું અકસ્માત થતાં રસ્તા પરથી પસાર થતાં લોકોના ટોળે ટોળા એકત્ર થયેલ અને ઇમરજન્સી ૧૦૮ને જાણ કરતા તાત્કાલીક ઘટના સ્થળે પહોચી ગયેલ પરંતુ સારવાર મળે તે પહેલાજ તેનું મોત નિપજેલ હતું. આ બનાવની જાણ ત્યાથી પસાર થતા લોકોમાં એવું જાણવા મળેલ કે બાઇક સ્લીપ થઇ ગયેલ હોય બાઇકનુ સ્ટેરીંગનો કાબુ ગુમાવી દેતા



અકસ્માત સર્જાતા માથાના ભાગે ગંભીર ઇજા થવાથી મોત નિપજ્યુ. આ યુવાનના મૃતદેહને ઉના સરકારી હોસ્પીટલે પી એમ માટે ખસેડાયેલ હોવાનું જાણવા મળેલ છે. આ અંગે પોલીસે આગળની વધુ તપાસની તજવિજ હાથ ધરેલ છે.

## લાલપુરમાં હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા-દંડ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૪

લાલપુર કોર્ટમાં હત્યા કેસની મુદતમાં આવેલા આરોપી ઉપર છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવ્યાના કેસમાં અદાલતે આરોપીને તક્ષીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦૦૦નો દંડ ફટકારવાનો કોર્ટે આદેશ કર્યો છે.૨૦૧૧માં લાલપુર કોર્ટમાં થઈ હતી હત્યા

આ કેસની વિગત મુજબ વર્ષ ૨૦૧૧માં એપ્રિલ માસમાં હનિફ યુસુફ સંધીની સુલતાન ઓસમાન સંધી નામના શખ્સે હત્યા નિપજાવી હતી અને આ હત્યાના કેસમાં રાજકોટ જેલમાં રહેલા સુલમાત ઓસમાણ સંધીને લાલપુર અદાલતમાં મુદતે પોલીસ જાપ્તા સાથે લઈ આવવામાં આવ્યો હતો ત્યારે કોર્ટની બહાર બાંકડા પર બેસેલા સુલતાન ઉપર પુત્ર હનિફની હત્યાનો બદલો લેવા માટે યુસુફ સંધીએ છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી. આ હત્યાના બનાવમાં પીએસઆઇ એચ.કે. બાંભણિયાએ યુસુફ સંધી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. આ હત્યાનો કેસ જામનગરની સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ જે.કે. ભંડેરી અને રાજેશ વસિયર દ્વારા ૨૫ સાહેદોને તપાસી ૪૦ જેટલા દસ્તાવેજોના આધારે ધારદાર રજૂઆત દલીલો કરી હતી. આ દલીલોના આધારે કોર્ટે આરોપી યુસુફ સંધીને તક્ષિરવાન ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦૦૦નો દંડ ફટકારવાનો આદેશ કર્યો હતો.

## જામનગરમાં નવા વર્ષે ૪૪ પક્ષીઓએ આકાશ તરફ ઉડાન ભરી

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૪

જામનગરમાં સુપ્રસિદ્ધ બાલાહનુમાન મંદિર પરિસર નજીક ૨૦૨૧ ના નવા વર્ષ દરમિયાન પાંજરે પુરાયેલા ૪૪ પક્ષીઓને રાજ્ય મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતમાં કર્મા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુક્ત કરાતા આકાશ તરફ આઝાદીની ઉડાન ભરી હતી. કોઈ પક્ષીને પાંજરામાં પૂરી દેવામાં આવે તો તે શું કરશે? તે ખૂબ પાંખો ફફડાવશે. વારંવાર તે આ પાંજરામાંથી બહાર નીકળવા પ્રયત્ન કરતું રહેશે. કારણકે તેને ખ્યાલ છે કે સ્વતંત્રતા શું છે? તેને ખબર છે કે પાંખો ફેલાવીને ઉડવાનો આનંદ કેવો હોય છે. તેને ખબર છે કે ઉડાન શું હોય છે. તેણે આકાશની શાંતિનો આભાસ કર્યો છે. જેથી આજે નવા વર્ષન પ્રારંભમાં જ કર્મા એડયુંકેશન એન્ડ



ચેરીટેબલ દ્વારા સેવાકીય કાર્યક્રમમાં ૪૪ જેટલા પક્ષીઓને મુક્ત કરાવીને આઝાદીની ઉડાન ભરાવી હતી. આ સેવાકીય કાર્યક્રમને સફળ બનાવવામાં રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, ભાજપ મંત્રી પરેશભાઈ દોમડીયા, આર. પી. ઘાડીયા, અનીશભાઈ રામાણીનો સહયોગ મળ્યો હતો અને તેવો હાજર રહ્યા હતા તે બદલ તેમનો આભાર માનવામાં આવ્યો હતો, તેમજ સર્વ ને નવા વરસ ની ખુબ ખુબ શુભકામનાઓ ઋષિતા સોની (પ્રમુખ ) પ્રાચી કિરકોલ (ઉપપ્રમુખ ) દ્વારા પાઠવવામાં આવી હતી.

## તાલાલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સતત સાતમી વખત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

ચક્રવાત ટીમ તાલાલા, તા.૦૪

તાલાલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ક્રિકેટનું સુંદર આયોજન કરેલ હતું જેમાં તાલુકાના માત્ર સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવતા પ્રાથમિક શિક્ષકો પૈકીના શિક્ષકોમાંથી દરેક ક્લસ્ટરમાં ક્રિકેટ રમવા માંગતા શિક્ષકોએ પોતાના નામની નોંધ કરાવતા એમ કુલ પાંચ ટીમનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ઘુંસીયા કલસ્ટર, આંકોલવાડી કલસ્ટર, તાલાલા કલસ્ટર, ચિત્રાવડ કલસ્ટર અને રાયડી કલસ્ટર એમ કુલ પાંચ ટીમની સાથે બીજા કલસ્ટરના શિક્ષકો એ ભાગ લીધો હતો આ ટુર્નામેન્ટને ગીર સોમનાથ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી અને તાલાલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ પરબતભાઈ એ. ચાંડેરા અને



તાલાલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી મયુરભાઈ આર. વસોયા દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ તકે ખાસ વિશેષ ઉપસ્થિતિ ઘુંસીયા ગ્રામ પંચાયતના સરપંચ અને તાલાલા તાલુકા સરપંચ એસોસિયેશનના પ્રેસિડેન્ટ જીવાભાઈ રામ, જે. કે. બાકુ માધ્યમિક શાળાના પ્રિન્સીપાલ કે.બી રામસાહેબ, કાયમી આમંત્રિત મહેમાન આદરણીય દેવાભાઈ વિરડા, તાલાલા તાલુકાના બી.આર.સી કૉ ઓર્ડીનેટર રમેશભાઈ રામ, પ્રકાશભાઈ ટીઆરપી, મનોજભાઈ - હરીપ્રેમ સિલેકશન તાલાલા, તાલાલા તાલુકા પંચાયતના કરણભાઈ કાંબલીયા-વિસ્તરણ અધિકારી, સોમાણીભાઈ એસ. ઓ તાલાલા તાલુકા પંચાયત, વાણવીભાઈ-તાલુકા પંચાયત, વાળાભાઈ- તાલુકા પંચાયત, સરમણભાઈ રામ તાલુકા પંચાયત, સીઆરસી મિત્રો, પે સેન્ટર શાળા અને પેટા શાળાના આચાર્યો આ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## જામનગરની જેલમાંથી કોરોનાકાળમાં જામીન મુક્ત થયેલા ૨૦ કેદી અદ્રશ્યઃ ૮ ઝડપાયા

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૪

જામનગરની જિલ્લા જેલમાંથી કાચા કામના કેદીઓને કોરોના કાળ દરમિયાન વચગાળાના જામીન પર મુક્ત કરાયા હતા, જેઓને પરત જેલમાં પહોંચવાનું હતું, પરંતુ હાજર થયા ન હોય એવા ૨૦ કેદીઓને જેલ તંત્ર દ્વારા ૩૧મી સુધીમાં હાજર થવા ફરમાન કરવા છતાં હાજર ન થતાં અંતે પોલીસ વિભાગને આવા કાચા કામના કેદીઓને ઝડપી લેવા જાણ કરાતા એસઓજી, પેરોલ ફર્લો સ્કવોડ સહિતની ટીમો કામે લાગી છે અને બે દિવસમાં કુલ સાત કેદીઓને ઝડપી લેવામાં સફળતા મળી છે.જાણવા મળતી વિગતો મુજબ જામનગર જિલ્લા જેલમાંથી કોરોનાકાળ દરમિયાન વચગાળાના જામીન ઉપર મુકત થયેલા કેદીઓને ૩૧ ડિસેમ્બર સુધીમાં હાજર થવા ફરમાન કરાયું હતું, પરંતુ માત્ર ૧૨ કાચા કામના કેદીઓ જ સમયસર હાજર થયા હતા જ્યારે બાકી રહેતા ૨૦ કાચા કામના કેદીઓ નિયત મુદ્દતે હાજર ન થતાં આવા કેદીઓને ઝડપી લેવા જેલ તંત્ર દ્વારા પોલીસ વિભાગને જાણ કરવામાં આવી હતી.દરમિયાન જામનગરની એસઓજી શાખા દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટેની ઝૂંબેશરૂપી કામગીરી શરૂ કરી જામનગરમાં વસંત વાટિકા શેરી નં.૮માં રહેતા અને જિલ્લા જેલના કાચા કામના કેદી અજય ઉર્ફે અજલો રાજેન્દ્રભાઈ બરછાને એસઓજીની ટીમે પકડી પાડયો હતો અને જેલ હવાલે કર્યો છે.આ ઉપરાંત જામનગરના નાગનાથ ગેઈટ મહેશ્ર્વરીનગર વિસ્તારમાં રહેતા મહેશ ઉર્ફે ચુંહો ટપુભાઈ મકવાણાને પણ વચગાળાના જામીન આપ્યા પછી ફરીથી હાજર થયો ન હોવાના કારણે તેને ફરારી જાહેર કરી એસઓજીની ટીમે પકડી પાડયો છે અને જેલ હવાલે કર્યો છે.



આ ઉપરાંત જામનગરના ગુલાબનગર વિસ્તારમાં પહેલાં ઢાળિયા પાસે રહેતા વાલજી જીવણભાઈ સોલંકીને પણ જામીન મુક્ત કરાયા પછી હાજર નહીં થતાં એસઓજીની ટીમે આજે પકડી પાડયો હતો અને જિલ્લા જેલમાં મોકલી આપ્યો છે.એ જ રીતે પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા જિલ્લા જેલના કાચા કામના આરોપી ગિરીશ ભીખુભાઈ ગોંડલિયાને કાલાવડ શિતલા માતાજીના મંદિર પાછળથી શેરીમાંથી ઝડપી લઈ કાલાવડ પોલીસ સ્ટેશનને સોંપી આપ્યો હતો તેમજ તમાચણનો રહેવાસી એવા કાચા કામના કેદી રામજી મકવાણા નિયત મુદ્દતે જેલમાં હાજર ન થતાં આ કેદી જામવંથલી ગામે હોવાની બાતમી મળતા પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી લીધો હતો. સાથોસાથ નાગેશ્વવર કોલોની હુસેની ચોકમાં રહેતો અરવિંદ ગાંડાલાલ ભટ્ટી નામનો આરોપી હાલ ફરાર હોય, પેરોલ ફર્લો સ્કવોડે નાગેશ્ર્વર કોલોનીમાંથી ઝડપી લઈ બી-ડિવિઝન પોલીસને હવાલે કર્યો હતો. જામનગર જેલમાંથી વચગાળાના જામીન લઈ નાસી છૂટેલ ભીખુભાઈ ધનજીભાઈ બારિયા રે. નાગેશ્ર્વર કોલોનીવાળો પણ નાસતો-ફરતો હોય પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી લઈ બી-ડિવિઝનને સુપ્રત કર્યો હતો. દરમિયાન એસઓજીની ટીમે આજે પેરોલ રજા ઉપરથી જેલમાં હાજર ન થતાં કાચા કામના આરોપી હિતેશ ઉર્ફે ગાંડો ઉકાભાઈ ખીટ નામનો શખસ દરેડ-ગોકુલધામ વિસ્તારમાં તેના રહેણાંક મકાન પર હોવાની બાતમી મળતા એસઓજી ટીમે ઝડપી લઈ આરોપીના કોવિડ ટેસ્ટ કરાવવા માટેની તજવીજ શરૂ કરી છે.

# નટરાજન પાસે સારી લાઈન-લેન્થ છે : ઓસી. ક્રિકેટર ડેવિડ વોર્નર

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૩

ઓસ્ટ્રેલિયાના ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નરે ભારતના ઝડપી બોલર ટી નટરાજનના વખાણ કર્યા છે અને કહ્યું છે કે તેની પાસે સારી લાઈન-લેન્થ છે. વોર્નરે આ અંગે કોઈ જવાબ આપ્યો નથી કે જો નટરાજન અંતિમ બે ટેસ્ટ મેચ રમે છે તો તેનો સામનો કેવી રીતે કરશે.

નટરાજન અને વોર્નર બંને આઈપીએલમાં સનરાઈઝ હૈદરાબાદ માટે રમ્યા છે. વોર્નર હૈદરાબાદનો કેપ્ટન છે. નટરાજને આ વર્ષે ન્માં ડેબ્યૂ કર્યું હતું અને ૧૬ મેચોમાં ૧૬ વિકેટો લીધી હતી. તેના પછી તે ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં નેટ બોલર તરીકે ભારતીય ટીમમાં સામેલ થયો હતો. નટરાજનને ભારતની ટી-૨૦ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો અને હવે ઉમેશ યાદવના ઈજાગ્રસ્ત થવાને લીધે તેને બાકીની બે ટેસ્ટ મેચમાં પણ સામેલ કરવામાં આવ્યો છે.

વોર્નરે ટી નટરાજન અંગે વાત કરતા કહ્યું છે કે મને તેના રણજી ટ્રોફીના આંકડા અંગે કંઈ ખબર નથી. પરંતુ મને એટસી ખબર છે કે તેની પાસે સારી લાઈન-લેન્થ છે. ટી-૨૦ અલગ છે અને ટેસ્ટ મેચમાં બોલિંગ કરવી અલગ છે. તે ટેસ્ટ મેચમાં કેવો દેખાવ કરશે તે જોવા જેવો છે. તેણે વધુમાં કહ્યું હતું કે મને લાગે છે કે નટરાજન માટે આ મોટી વાત છે. તે અહીં પોતાના પહેલા બાળકના જન્મને છોડીને નેટ બોલર તરીકે ટીમમાં આવ્યો હતો. તેને પુત્રીના જન્મ માટેની બધાઈ અને તે ઘણો સારો બોલર છે. આઈપીએલમાં મારી કેપ્ટન્સી હેઠળ તેણે સારું પ્રદર્શન કર્યું છે.

# બોક્સિંગ ટેસ્ટ મેચમાં ભારતની જીત થતા ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન ઈયાન ચેપલ બન્યો રહાણેનો ફેન

## અજિંક્ય રહાણે બહાદુર અને સ્માર્ટ, તેનો જન્મ જ ભારતની કપ્તાની કરવા માટે થયો છે



(જી.એન.એસ.)મેલબોર્ન,તા.૩

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન ઈયાન ચેપલે વર્તમાન ભારતીય ટીમની કપ્તાની કરી રહેલા અજિંક્ય રહાણેની પ્રશંસા કરી હતી. રહાણેને બહાદુર અને સ્માર્ટ ગણાવતા તેમણે કહ્યું હતું કે, તેનો જન્મ જ ટીમની કપ્તાની કરવા માટે થયો છે. ખરેખર, ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝની પહેલી મેચ બાદ નિયમિત કેપ્ટન વિરાટ કોહલી પેટરનિટી પર ગયો છે. તેની ગેરહાજરીમાં રહાણે ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે.

ચેપલે ક્રિકેટ વેબસાઈટ માટેની કોલમમાં લખ્યું હતું - અજિંક્ય રહાણેએ એમસીજીમાં કમાન સંભાળી હતી. આ આશ્ચર્યજનક નથી. જેણે પણ તેને ૨૦૧૭ની ધર્મશાલા ટેસ્ટમાં કપ્તાની કરતા જોયો હશે, તે સમજી શકશે કે તે (રહાણે) ક્રિકેટ ટીમની કપ્તાની કરવા માટે જન્મ્યો હતો. ૨૦૧૭ની મેચમાં અને મેલબોર્ન ટેસ્ટમાં ઘણી સમાનતાઓ હતી. મેચમાં નીચેના ક્રમે વિન્દ્ર જાડેજાએ શાનદાર બેટિંગ કરી. જરૂર પડે ત્યારે રહાણેએ પણ ઝડપી રન બનાવ્યા હતા. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટને લખ્યું છે કે, "ધર્મશાલામાં બનેલી એક ઘટનાએ મારું ધ્યાન સૌથી વધુ આકર્ષ્યું. મેચની પ્રથમ ઈનિંગ્સમાં ડેવિડ વોર્નર અને સ્ટીવ સ્મિથ સદીની ભાગીદારી સાથે મજબૂત રમત દાખવી રહ્યા હતા, ત્યારે કેપ્ટન રહાણેએ ડેબ્યુ મેચમાં રમી રહેલા કુલદીપ યાદવને બોલિંગ આપી હતી. તેનો આ નિર્ણય ખૂબ બોલ્ડ હતો. તેની સ્માર્ટ ચાલે કામ પણ કર્યું અને કુલદીપે વોર્નરને આઉટ કરીને ભારતને નિર્ણાયક વિકેટ આપી. આ કેચ પણ રહાણે પહેલી સ્લિપ પર લીધો હતો. કુલદીપે ઈનિંગમાં ૪ વિકેટ ઝડપી હતી. આ એક સફળ કેપ્ટનની ઓળખ પણ છે.

# ભારત ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ચોથી ટેસ્ટ રમવા તૈયાર નથી...!! શ્રેણી બોયકોટનો ભય

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૩

ભારત અત્યારે ઓસ્ટ્રેલિયા પ્રવાસે ટેસ્ટ સીરિઝ રમી રહ્યું છે. ૪ ટેસ્ટની સીરિઝમાં ૨ મેચ રમાઈ છે અને શ્રેણી ૧-૧ની બરાબરી પર છે. ત્રીજી ટેસ્ટ ૭ જાન્યુઆરીએ સિડની અને ચોથી ટેસ્ટ ૧૫ જાન્યુઆરીએ બ્રિસ્બેનમાં રમાવવાની છે. બ્રિસ્બેનમાં કોરોનાના કેસ વધુ હોવાથી ટીમ ઈન્ડિયાએ સ્ટ્રીક્ટ ક્વોરન્ટીનમાં જવું પડશે. મહેમાન ટીમે આ બાબતે વાંધો ઉઠાવ્યો છે અને હવે સીરિઝ કઈ રીતે આગળ વધશે તે અંગે મૂંઝવણ છે. ઓસ્ટ્રેલિયન મીડિયાના રિપોર્ટ્સ અનુસાર શ્રેણી બોયકોટ થાય તેવો ભય છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમ સોમવારે ન્યૂ સાઉથ વેલ્સ જશે, જ્યાં રવિવારે કોરોનાના ૮ નવા કેસ નોંધાયા છે. કવિન્સલેન્ડ (બ્રિસ્બેન- ચોથી ટેસ્ટ અહીં રમાશે)એ ન્યૂ સાઉથ વેલ્સ સાથેની બોર્ડર બંધ કરી દીધી છે. અગાઉ એગ્રીમેન્ટમાં નક્કી કરાયું હતું કે, ચોથી ટેસ્ટ માટે ખેલાડીઓને બ્રિસ્બેન જવા દેવાની છૂટ આપવામાં આવશે, પરંતુ હજી એ સ્પષ્ટ નથી કે ત્યાં જઈને ખેલાડીઓને ક્વોરન્ટીનમાં કેટલો સમય રહેવું પડશે.

ઓસ્ટ્રેલિયન મીડિયામાં રિપોર્ટ્સ ફરી રહ્યા છે કે જો બ્રિસ્બેનમાં લોકડાઉનમાં રહેવાનું કહેવામાં આવશે તો ખેલાડીઓ સહમત નહિ થાય અને તે માટે ઈનકાર કરશે. ઉલ્લેખનીય છે કે, ભારતીય ખેલાડીઓ આઈપીએલ શરૂ થયું ત્યારથી એટલે કે છેલ્લા ૫ મહિનાથી ક્વોરન્ટીન કે કોઈ પ્રકારના બબલમાં જ રહી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા પહોંચ્યા બાદ પણ ટીમ ૧૪ દિવસ ક્વોરન્ટીનમાં રહી હતી.

# અર્જુન તેંડુલકરને સૈયદ મુસ્તાક અલી ટ્રોફી માટે મુંબઈની ટીમમાં સ્થાન મળ્યું



(જી.એન.એસ.)મુંબઇ,તા.૩

ક્રિકેટના માસ્ટર બ્લાસ્ટર સચિન તેંદુલકરનો દીકરાની હવે સીનિયર ટીમમાં પસંદગી થઈ છે. ડાબોડી ફાસ્ટ બૉલર અર્જૂન તેંદુલકરને પહેલીવાર મુંબઈની સીનિયર ટીમમાં સ્થાન મળ્યુ છે. અર્જૂન તેંદુલકરનુ નામ સૈયદ મુસ્તાક અલી ટ્રોફી માટે સિલેક્ટ કરવામાં આવેલા મુંબઈના ૨૨ ખેલાડીઓમાં સામેલ છે. આ પહેલા અર્જૂન તેંદુલકર મુંબઈની જૂનિયર ટીમ માટે રમતો હતો.

મુંબઈ ટીમના મુખ્ય પસંદગીકર્તા સલિલ અંકોલાએ આની પુષ્ટી કરી, અર્જૂન ઉપરાંત ફાસ્ટ બૉલર કૃતિક એચને પણ ટીમમાં રાખવામાં આવ્યો છે. એમસીએના એક અધિકારીએ કહ્યું આ પહેલા બીસીસીઆઈએ ૨૦ સભ્યોની ટીમને પસંદ કરવાનુ કહ્યું હતુ, પરંતુ બાદમાં કહ્યું કે, ૨૨ સભ્યો પસંદ કરી શકાશે. અર્જૂન તેંદુલકર મુંબઈની જુદીજુદી એજવર્ગમાં કેટલીય ટૂર્નામેન્ટ રમી ચૂક્યો છે. તે ભારતીય ટીમને નેટ પર બૉલિંગ પણ કરતો રહ્યો છે, અને શ્રીલંકાનો પ્રવાસ કરનારી ભારતની અંડર ૧૯ ટીમમાં પણ રહ્યો હતો. મુંબઈની ટીમનો કેપ્ટન સૂર્યકુમાર યાદવ છે, ૧૦ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલી ટૂર્નામેન્ટમાં મુંબઈની બધી મેચો ઘરેલુ મેદાન પર જ રમવાની છે. સૂર્ય કુમારની નજર સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં સારુ પ્રદર્શન કરીને ઈંગ્લેન્ડ સીરીઝ માટે ટીમ ઈન્ડિયામાં પહેલીવાર જગ્યા બનાવવાનુ હશે.

# દક્ષિણ આફ્રિકાનો ફાસ્ટ બોલર ડેલ સ્ટેન ૨૦૨૧ની આઈપીએલ નહિ રમે

(જી.એન.એસ.)જોહાનિસબર્ગ,તા.૩

દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર ડેલ સ્ટેને કહ્યું હતું કે તે ક્રિકેટથી વિરામ લઈ રહ્યો છે અને તેથી તે આઈપીએલ-૨૦૨૧માં નહીં રમે. ૩૭ વર્ષીય સ્ટેને બે ટ્વીટ્સમાં સ્પષ્ટ કરી દીધું છે કે તે નિવૃત્તિ લઈ રહ્યો નથી. સ્ટેન આઈપીએલ-૨૦૨૦માં વિરાટ કોહલીની કપ્તાનીવાળી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો ભાગ હતો. આરસીબીએ ટ્વીટ કરીને એક ઈમોશનલ મેસેજ આપ્યો છે. જેમાં લખાયું છે કે, તને મિસ કરીશુ.

સ્ટેને પોતાની પહેલી ટ્વીટમાં લખ્યું કે, ક્રિકેટ ટ્વીટપ.એક નાનો મેસેજ તમામને એ જણાવવા માટે હું આ વર્ષે આઈપીએલમાં આરસીબી માટે નહીં રમું. હું અન્ય કોઈ ટીમથી રમવા માટે પણ વિચારી રહ્યો નછી. બસ થોડા દિવસની રજા લઈ રહ્યો છું. મને સમજવા માટે આરસીબીનો આભાર. ના હું સંન્યાસ લઈ રહ્યો નથી.

સ્ટેને તેની બીજી ટ્વિટમાં લખ્યું કે, 'હું અન્ય લીગમાં રમીશ. મને જે કામ કરવામાં આનંદ આવે છે તે માટે હું મારી જાતને કંઈક કરવાની તક આપવા માંગું છું. હું મારી રમત ચાલુ રાખીશ. ના હું નિવૃત્તિ લઈ રહ્યો નથી. ૨૦૨૧નું વર્ષ સારું રહે.

સ્ટેને આ સિઝન આરસીબી માટે ફક્ત ૩ મેચ રમી હતી અને માત્ર એક વિકેટ લઈ શક્યો હતો. તેણે ઓગસ્ટ ૨૦૧૯ના રોજ ટેસ્ટ ક્રિકેટથી સંન્યાસ લઈ લીધો હતો. જો કે લિમિટેડ ઓવર્સના ફોર્મેટમાં તે સક્રિય છે. તેણે દક્ષિણ આફ્રિકાની ટીમ સાથે વલ્ર્ડ કપ રમવાની ઈચ્છા જાહેર કરી હતી.

# પૂર્વ અમ્પાયર હાર્પરે ડીઆરએસમાંથી અમ્પાયલ કોલ હટાવવાની માંગ કરી



(જી.એન.એસ.)મુંબઇ,તા.૩

પૂર્વ અમ્પાયર ડાર્લ હાર્પર એક વખત ફરી ચર્ચામાં છે. આ પહેલા પૂર્વ અમ્પાયર વિવાદિત રીતે સચિનને આઉટ કરવાના કારણે ચર્ચામાં આવ્યો હતો. પૂર્વ અમ્પાયર ડાર્લ હાર્પરે આ વખતે ડીઆરએસમાંથી અમ્પાયર કોલ હટાવવાની વાત કરતા ફરી એકવાર ચર્ચામાં છવાયો છે.

પૂર્વ અમ્પાયર ડાર્લ હાર્પરે કહ્યું છે કે અમ્પાયર્સ કોલનેથી દૂર કરવો જોઈએ, કારણ કે તે શરૂઆતથી ખેલાડીઓ અને ચાહકોની દ્રષ્ટિએ નિષ્ફળ ગયો છે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન અમ્પાયર ડાર્લ હાર્પરે સિડની મોર્નિંગ હેરાલ્ડને કહ્યું, 'મેં ઘણાં અમ્પાયર કોલ જોયા છે.' આને પ્રતિબંધિત કરી દેવો જોઈએ. આ વિવાદથી છૂટકારો મેળવો. કોઈ પણ રીતે બોલ સ્ટમ્પની ગિલ્લીઓ ઉડાડી દેશે જે ૪૮ ટકાથી ૪૯ ટકા નથી. ડાર્લ હાર્પરે કહ્યું, 'સત્ય એ છે કે ૧૨ વર્ષ થયા છે અને લોકો હજી સુધી તેને સારી રીતે સમજી શક્યા નથી, ખેલાડીઓ પણ તેનાથી ચિંતિત છે. તે બતાવે છે કે કાં તો કહેવાની અથવા સમજવામાં કેટલીક ખામીઓ છે. તેમણે કહ્યું, 'આઈસીસી વતી કેટલાક કામ થવા જ જોઈએ.' ત્યારે અમ્પાયર કોલ સાથે જાય છે જ્યારે તે પોતાના નિર્ણયને લઈને સાફ નથી હોતા સ્પષ્ટ નથી હોતા. કે બેટ્સમેન આઉટ છે કે કેમ. મહાન બેટ્સમેનમાં મોખરાનું સ્થાન ધરાવતા તેંદુલકરે પણ આઈસીસીને આને ફરીથી જોવાનું કહ્યુ છે અને સમીક્ષા કરવાનું કહ્યુ છે.

# અનુષાએ કરણ કુંદ્રા સાથેના બ્રેકઅપને લઈને કંઈક એવુ કારણ બતાવ્યું કે....



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

એક્ટર કરણ કુંદ્રા અને વીજે અનુષા દાંડેકરને ૨૦૨૦ ક્યારેય ન ભૂલાય એવી એક ઘટના આપીને ગયું. છેલ્લા ૬ વર્ષથી રિલેશનમાં રહેતા કરણ કુંદ્રા અને વીજે અનુષા દાંડેકરનું બ્રેકઅપ થયું જેના કારણે અનુષાને મોટો ઝટકો લાગ્યો છે. ત્યારે હવે અનુષાએ બ્રેકઅપના કારણનો ખુલાસો કર્યો છે અને એક લાંબી પોસ્ટ કરી છે. જે હવે ખુબ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટમાં ખુબ જ ચોંકાવનારો ખુલાસો થયો છે. અનુષાએ પોસ્ટમાં લખ્યું કે, હા મે લવ સ્કૂલ નામથી એક શો કર્યો છે, હા હું તમારી લવ પ્રોફેસર હતી. હા મે જે પણ શેર કર્યું અને જે પણ સલાહ આપી દિલથી આપી અને રિયલ હતી એ જ આપી.

તેણે આગળ લખ્યું કે-હા મે ખુબ પ્રેમ કર્યો, ખુબ ખુબ વધારેપ હા જ્યારે મારા માટે કોશિસ કરવા સિવાય અને લડવા સિવાય કંઈ જ ન બચે ત્યાં સુધી હું કોઈને નથી છોડતી. આખરે હું પણ માણસ છં. હા મે પણ ખુદને ખોઈ છે અને મારા આત્મ સન્માનને પણ ખોયું છે. અનુષાએ આગળ લખ્યું કે હા મને દગો મળ્યો છે અને મને ખોટું કહેવામાં આવ્યું છે. મે માફીની પણ રાહ જોઈ છે અને જે એણે ક્યારેય ન માંગી. પછી મે રિયલમાં શીખ્યું કે મારે માફી માગવાની હતી અને મારે ખુદને જ મને માફ કરવાની હતી. હવે હું મોટી થઈ ગઈ છું અને આગળ વધી રહી છું. તેમજ સકારાત્મક વસ્તુને જોતા શીખી છું અને એ જ જોઈશ. આગળ અનુષાએ લખ્યું કે મારી એક છેલ્લા સલાહ છે કે પ્રેમમાં કેટલાય રૂપ હોય છે. બસ તેને તમારા પર ભાર ન લાગવા દો. જેનાથી આપ હારી જશો. પ્રેમને દયાળુ, સન્માનજનક અને સૌથી વધારે તો ઈમાનદાર હોવો જોઈએ. તું આને લાયક છે અને હું આને લાયક છું એના કરતાં સૌથી વધારે મહત્વની વાત એ છે કે આપણે એ પ્રેમને સમજીએ અને આપણે લાગે છે કે આપણે આ પ્રેમને લાયક છીએ. મારી પ્રેમ કહાની હવે મારી સાથે શરૂ થાય છે. હાલમાં અનુષાની આ પોસ્ટ પર લોકોના રિએક્શ પણ આવી રહ્યા છે.

# તારક મહેતાની જૂની સોનૂએ બિકીની વીડિયો શેર કરી ફેન્સને મંત્ર મુગ્ધ કર્યા

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩

ટીવીનો લોકપ્રિય શો તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા નાના પડદા પર છેલ્લા ૧૨ વર્ષથી લોકોને હસાવવા માટે સફળ રહ્યો છે અને હાલમાં કેટલાક સમય પહેલાં જ તેણે ૩૦૦૦ એપિસોડ પૂરા કર્યા છે. ત્યારે શોના દરેક પાત્રો અલગ અલગ રીતે ફેમસ છે અને તેમનું ફેન ફોલોઈંગ પણ તગડું છે. ત્યારે હાલમાં શોની જૂની સોનુ માર્કેટમાં છવાઈ ગઈ છે અને તેનું કારણ એક બિકીની વીડિયો છે. હાલમાં આ શોમાં સોનૂનો રોલ પલક સિધવાણી નિભાવી રહી છે. પરંતુ આ પહેલા નિધિ ભાનુશાળી આ રોલ કરતી હતી. તો વળી નિધિ સોશિયલ મીડિયા પર પણ ભારે ફેમસ છે અને તે ખુબ એક્ટિવ પણ રહે છે.

તે અવાર નવાર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતી રહે છે અને હાલમાં સોનૂએ એક વીડિયો શેર કર્યો છે જેમાં તેનો બોલ્ડ અંદાજ જોઈને ફેન્સ ચોંકી ગયા છે. ખરેખર એવું બન્યું કે હાલમાં નિધિએ પોતાના ઈન્સ્ટા પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયો તેણે નવા વર્ષે જ ફેન્સ વચ્ચે શેર કર્યો છે. આ વીડિયો નિધિએ તેના વેકેશન દરમિયાન લીધા હતા અને આ વીડિયોમાં તેનો બોલ્ડ અવતાર જોઈ ફેન્સ મદહોશ થઈ ગયા છે. જોઈ શકાય છે હોટ નિધિ કોઈ નદીમાં છલાંગ લગાવતી જોવા મળી રહી છે અને સાથે જ એક શખ્સ પણ છે અને એક કૂતરો પણ છે. બોલ્ડ અંદાજમા નિધી મોજ કરતી જોવા મળી રહી છે. વીડિયો શેર કરીને નિધિએ સરસ કેપ્શન પણ આપ્યું છે- બીજો દિવસ-૨૦૨૧ જ ીહર્ષ્રીના પાણીમાં તરવાનો પહેલો મોકો. તો વળી આ વીડિયોમાં નિધિની બોલ્ડનેસે ફેન્સને હેરાન કરી દીધા છે અને તેનો આ વીડિયો ઈન્ટરનેટ પર ભારે વાયરલ થઈ રહ્યો છે. આ પહેલાં પણ નિધિ તેની બોલ્ડ તસવીરોથી સોશિયલ મીડિયા પર તહેલકો મચાવી ચૂકી છે.

# ફિલ્મમાં રોલ માટે ક્યારેય મારી મિત્રતાનો ઉપયોગ નથી કરતી : દિયા મિર્ઝા



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

એક્ટ્રેસ દિયા મિર્ઝા છેલ્લા બે દશકથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે. આ દરમ્યાન તેણે ઘણા લોકો સાથે કામ કર્યું છે ઘણા મિત્રો બનાવ્યા પણ તેનું કહેવું છે કે ફિલ્મમાં રોલ માટે તેણે ક્યારેય પર્સનલ રિલેશનનો ઉપયોગ નથી કર્યો. તેણે કહ્યું કે તે પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને અલગ-અલગ જ રાખે છે. આ વાત તેણે હાલમાં જ ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેની વાતચીત દરમ્યાન કરી છે. આ દરમ્યાન તેણે એવું પણ જણાવ્યું કે તે બોલિવૂડમાં ક્યારેય કોઈ કેમ્પનો હિસ્સો નથી રહી. દિયાએ કહ્યું, મારી જર્ની દરમ્યાન મેં ઘણા લોકો સાથે મિત્રતા કરી છે, જેની સાથે મેં કામ કર્યું છે. મારી તે બધા સાથે લાંબા સમય સુધી ચાલનારી મિત્રતા છે, પણ મેં ક્યારેય કોઈ ફિલ્મમાં રોલ માટે તેમની પહોંચનો ઉપયોગ નથી કર્યો. હું જે કામ કરું છું તે અને મારી મિત્રતાને અલગ જ રાખું છું. દિયા નવા વર્ષને લઈને ઘણી ઉત્સુક છે. તેને નવા વર્ષથી ઘણી આશાઓ છે. દિયાને લાગે છે કે તેને હવે એવું કામ મળવા લાગ્યું છે, જેવું તે હંમેશાંથી કરવા ઈચ્છતી હતી. તેને લાગે છે કે આ વર્ષ તેના કરિયરનું ૨.૦ વર્ઝન છે. દિયાએ કહ્યું, જે પ્રકારના રોલ મને ઓફર થઈ રહ્યા છે અને ફિલ્મમેકર્સ મારી સાથે જોડાઈ રહ્યા છે, એ એક ઈન્ડિકેશન છે કે હું કંઈક બદલવામાં સફળ રહી છું. જેવું કામ ઈચ્છે તેવું ન મળવા પર થતી નિરાશાને લઈને વાત કરતા દિયાએ કહ્યું, મારા મિત્રો જાણે છે કે મારી લાઈફમાં એક એવો ફેઝ પણ આવ્યો હતો. જ્યાં મને કામ મળી રહ્યું ન હતું અને જેવું કામ હું ઈચ્છતી હતી તેવું કામ ન મળતા હું ઘણી નિરાશ થઈ ગઈ હતી. અમારી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઉંમર ઘણી મેટર કરે છે, ૩૨-૩૩ થતા જ કામ પણ અલગ પ્રકારનું મળવા લાગે છે. હું ક્યારેય કોઈ કેમ્પનો હિસ્સો નથી રહી. મારા ઘણા સારા મિત્રો છે અને હું તેમની દોસ્તીનો ફાયદો તેમની પાસેથી સારી જાણકારી લેવા માટે કે કામ માગવા માટે નથી ઉઠાવતી.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

## "અસલામત સવારી, એસ.ટી અમારી" સુત્ર ફરી સાકાર : બસ અડફેટે બે યુવકોના મોત

(જી.એન.એસ.)વલસાડ,તા.૪

ગુજરાત રાજ્યમાં એક પછી એક અકસ્માતની ઘટના સતત સામે આવી રહી છે. આવામાં વધુ એક અકસ્માતની ઘટના વલસાડથી સામે અવી છે. જ્યાં એસ.ટી બસ ચાલકે બાઈક સવારને અડફેટે લેતા બાઈક પર સવાર બે લોકો ના ઘટના સ્થળે મોત નીપજ્યાં હતા. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. આ મામલે મળતી માહિતી અનુસાર,વલસાડ શહેર ના આર. પી .એફ રોડ નજીક એસ.ટી બસ ની ટક્કર લાગતા મોટા ટાઈવડ માછીવાડ ,ખાતે રહેતા દંપતી નું કરૂણ મોત નિપજયુ હતું. વલસાડ થી કપરાડા તરફ જતી એસ ટી બસ નંબર જીજે ૧૮ ઝેડ ૨૬૧૦ પાછળ સી.બી.ઝેડ બાઈક નંબર જીજે ૧૫ એ.એફ ૬૪૦૬ પર આવતા ધીરુભાઈ ટંડેલ તેમની પત્ની ને લઈ પસાર થઈ રહ્યા હતા, જ્યાં આર. પી.એફ રોડ નજીક એસ.ટી બસ ના પાછળ ના ભાગે ટક્કર લાગતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં ટંડેલ દંપતિનું સ્થળ પરજ કરુણ મોત નીપજ્યું હતું,ઘટનાની જાણ થતાં વલસાડ સીટી પોલીસ ની ટિમ દોડી આવી હતી, મૃતક બંને દંપતી ને હાલ વલસાડ સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડી વધુ તપાસ વલસાડ સીટી પોલીસ કરી રહી છે.

# ગિરનાર, નલિયા, કેશોદ, જૂનાગઢ, ભૂજ, રાજકોટ અને પોરબંદરમાં કાતિલ ઠંડી

### રાજ્યમાં આગામી શનિવાર સુધી હાડ થીજાવતી ઠંડીનો પ્રકોપ ચાલુ રહેશે

### કાળજુ કંપાવતી ઠંડી પાછળ ઈશાન દિશામાંથી ફુકાતા મધ્યમ-હળવી ગતિના સૂકા પવન જવાબદાર



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૪

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી જીવમાત્રને ઠંડી ધ્રુજાવી રહી છે. ત્યારે રાજ્યમાં ફૂંકાતા ઉત્તર પૂર્વના ઈશાન દિશામાંથી ફૂકાતા સૂકા-ઠંડા પવનની ગતિ ૫ થી ૨૦ કિ.મી. જેવી રહેતા રાજ્યનાં અનેક શહેરોમાં તાપમાનનો પારો સામાન્ય કરતાં ૧ થી ૪ ડીગ્રી નીચો રહેવા પામ્યો હતો. રાજ્યમાં આજે જૂનાગઢ શહેરમાં તાપમાનનો પારો ૬ ડીગ્રી જેવો નીચો ઉતર્યો હતો. દેશનાં ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં બરફવર્ષા થતાં ફૂકાતા ઠંડા પવનની અસરનાં કારણે રાજ્યના શહેરોના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નજરે ચડતી નથી. આગામી શનિવાર સુધી રાજ્યમાં ઠંડીનો કહેર યથાવત રહેશે. રાજ્યમાં આજે સૌથી નીચું તાપમાન ૩.૪ ડીગ્રી ગિરનાર પર્વત (જૂનાગઢ), નલિયા, કેશોદ, જૂનાગઢ, રાજકોટ, ભૂજ, પોરબંદર અને અમરેલી ખાતે નોંધાયુ હતું. રાજ્યમાં અસહ્ય ઠંડીના કારણે રાત્રીના સમયે લોકો કર્ફયુ કરતા ઠંડીના ડરથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

રાજ્યમાં આજે દશ શહેરોમાં તાપમાનનો પારો એક અંકમાં નોંધાયો હતો. ગિરનાર પર્વત ૩.૪ સાથે ઠંડોગાર બનેલો તદ ઉપરાંત અન્ય શહેરોમાં નલિયા ૪.૨, કેશોદ ૭.૧, જૂનાગઢ ૮.૭, ભૂજ ૯, રાજકોટ ૯.૩ પોરબંદર ૯.૩, અમરેલી ૧૦.૪, કંડલા એરપોર્ટ ૧૧, સુરેન્દ્રનગર ૧૧, કંડલા બંદર ૧૧.૧, અમદાવાદ ૧૨.૮, દ્વારકા ૧૩, વિદ્યાનગર ૧૩.૯ અને ભાવનગર ૧૪ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીના રાજકોટના આમ આદમી પાર્ટીના ઉમેદવારો જાહેર

(જી.એન.એસ.)રાજકોટ,તા.૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસની સાથે આ વખતે આમ આદમી પાર્ટી પણ મેદાને પડ્યું છે અને આમ આદમી પાર્ટી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તમામ બેઠકો પર ચૂંટણી લડશે તેવી જાહેરાત આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલીયા દ્વારા કરવામાં આવી હતી અને ત્યારબાદ હવે રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા જ આમ આદમી પાર્ટીએ ૯ ઉમેદવારોનું લીસ્ટ જાહેર કર્યું છે. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી અજીત લોખીલે આ યાદી જાહેર કરી છે. અજીત લોખીલે જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી દિલ્હીના મોડલને ગુજરાતના લોકોની વચ્ચે લાવશે અને લોકો સ્વયં-ભૂ રીતે અમારી સાથે જોડાશે અમે ભાજપ અને કોંગ્રેસ આ બન્ને પક્ષોને એક જ પક્ષ માનીએ છીએ અને અમારી પ્રાથમિક મુદ્દાઓને પ્રાધાન્ય આપવાની ફરજ છે. આમ આદમી પાર્ટીના ગુજરાતના સંગઠન મંત્રીએ જાહેર કરેલી યાદી અનુસાર રાજકોટના મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૨માંથી રાજભા ઝાલાને મેદાને ઉતારવામાં આવ્યા છે. વોર્ડ નંબર ૮માંથી શિવલાલ પટેલને, વોર્ડ નંબર ૩માંથી દુર્ગેશભાઈ ધનકાણીને, વોર્ડ નંબર ૪માંથી રાહુલ ભુવાને, વોર્ડ નંબર ૭માંથી પરેશ શિંગાળાને, વોર્ડ નંબર ૧૪માંથી ભાવેશ પટેલને, વોર્ડ નંબર ૧૪માંથી રેખા ભંડેરીને અને વોર્ડ નંબર ૧૭માંથી રાકેશ સોરઠિયાને મેદાને ઉતારવામાં આવ્યા છે.

## ગુજરાતમાં બર્ડ ફ્લૂની દહેશત : જૂનાગઢમાં ૫૦થી વધુ પક્ષીઓ મૃત મળતા ચકચાર



(જી.એન.એસ.)જૂનાગઢ,તા.૪

કોરોના મહામારી વચ્ચે હવે બર્ડ ફ્લૂની એન્ટ્રીથી લોકો દહેશતમાં છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ઝારખંડ બાદ હવે ગુજરાતમાં પણ બર્ડ ફ્લૂની આશંકા વધી ગઈ છે. રાજ્યના જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામમાં ૫૦થી વધુ પક્ષીઓ મૃત મળી આવતા વહીવટી તંત્ર સતર્ક બન્યું છે. બર્ડ ફ્લૂની આશંકાના પગલે પક્ષીઓના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દેવાયા છે.

આ અંગે રાજ્યના વાઈલ્ડ લાઈફ વિભાગના અધિકારી શ્યામલ ટીકાદારના જણાવ્યા મુજબ, બર્ડ ફ્લૂની આશંકાને પગલે અમે એલર્ટ જાહેર કર્યું છે. રેન્જ ફોરેસ્ટ ઓફિસરે જણાવ્યું કે, ટિંટોડી, બતક અને બગલા સહિત ૫૩ જેટલા પક્ષીઓ મૃત મળી આવ્યા છે. જો કે હજુ સુધી તેમના મોતનું ચોક્કસ કારણ જાણવા નથી મળ્યું. પક્ષીઓના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તેમના મૃતદેહને કબજે કરીને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. જણાવી દઈએ કે, સૌ પ્રથમ રાજસ્થાનના ૫ જિલ્લાઓમાં ૬૦થી વધુ કાગડાઓ મૃત મળી આવ્યા હતા. હિમાચલ પ્રદેશમાં છેલ્લા એક અઠવાડિયાથી પોંગ ડેમ અભ્યારણ્યમાં ૧૦૦૦થી વધી વિદેશી પક્ષીઓ મૃત મળી આવ્યા છે. વહીવટી તંત્રએ પક્ષીઓના મૃત મળી આવવા સંદર્ભે એલર્ટ જારી કરી રાખ્યું છે.

## ઊંઝા મંદિર સંસ્થાન દ્વારા પાટીદાર ગામોમાં ૧૦૦૧ મંદિર નિર્માણનો સંકલ્પ કરાયો

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૪

પાટીદાર કુળદેવી ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ૨૦૩૦ સુધીમાં પાટીદાર ગામોમાં ૧૦૦૧ મંદિર નિર્માણનો સંકલ્પ કરવામાં આવ્યો છે. ગતરોજ આ સંકલ્પને લઈને એક બેઠક મળી હતી. જેમાં ઉત્તર અને મધ્ય ગુજરાતની પ્રથમ બેઠકમાં ૪૧૦ મંદિરો બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા મળેલી બેઠકમાં ૧૦ જિલ્લાના હોદેદારો હાજર રહ્યા હતા. જેમાં દરેક ઉંઝા મંદિર તરફથી દરેક મંદિર બનાવવા માટે ૨૫૦૦૦ આપવામાં આવશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે પાટીદારનો કુળદેવી ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા લક્ષચંડી મહાયજ્ઞ સમયે નવી પેઢીમાં શ્રદ્ધા ભક્તિમાં વદારો થાયય તેના માટે દરેક પાટીદાર ગામોમાં મા ઉમિયા માતાજીનું મંદિર બને તે માટે એક લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જેમાં ૨૦૩૦ સુધીમાં ઉમિયા માતાજીના ૧૦૦૧ મંદિર નિર્માણનો સંકલ્પ કરાયો છે. જેના ભાગરૂપે રવિવારે સંસ્થાના પ્રમુખના અધ્યક્ષ સ્થાને મંદિરમાં ઉત્તર અને મધ્ય ઝોનના ૧૦ જિલ્લાના સંગઠનોની સૌપ્રથમ બેઠક મળી હતી. સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે મા ઉમિયાના ફોટો મંદિર બનાવવાની જાહેરાત થઈ તેના અડધા કલાકમાં ૪૧૦ ફોટો મંદિર અને શિખર મંદિરો બનાવવાની જાહેરાત કરાઈ, જેને હાજર સૌએ મા ઉમિયાના જયજયકાર સાથે વધાવી લીધી હતી. તમને જણાવી દઈએ કે ઉમિયા માતાજી ફોટો મંદિર બનાવનાર દરેક ગામ કે શહેરમાં માતાજીનો મોટો ફોટો તેમજ રૂ.૨૫૦૦૦ આર્થિક સહયોગ સંસ્થાન તરફથી આપવામાં આવશે. ૧૧ સભ્યોની કમિટી બનાવી ફોટો મંદિરની પૂજા સહિતની જાળવણી કરવામાં આવશે.

## વિદ્યાર્થીઓને તહેવાર સુધી ઝટકો નહીં અપાય ઉત્તરાયણ બાદ પરીક્ષાના ફોર્મ ભરવામાં આવશે



(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૪

ગુજરાત શિક્ષણ બોર્ડ પણ હવે ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષામાં ઉત્તરવહીઓનું ચેકિંગ ઓનલાઈન કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે અને બોર્ડ ડિજિટલાઈઝેશન તરફ વધુ એક પહેલ કરતાં આગામી બોર્ડ પરીક્ષાથી ઓનલાઈન એસેસમેન્ટ કરવાનું પ્લાનિંગ કરી રહ્યું છે. એ માટે હાલ ટેન્ડરિંગ પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. ઉચ્ચ શિક્ષણમાં હાલ જીટીયુ સહિતની કેટલીક યુનિ.ઓ દ્વારા પરીક્ષાઓ બાદ ઓનલાઈન એસેસમેન્ટ કરાવવામાં આવે છે. ગુજરાત બોર્ડ દ્વારા ઉત્તરાયણ સુધીમાં અથવા ઉત્તરાયણ બાદ બોર્ડની પરીક્ષાનું ટાઈમટેબલ સાથે તારીખો જાહેર કરી દેવાય એવી શક્યતા છે. ગુજરાત બોર્ડની પરીક્ષા ૧૦ મે અથવા ૧૭ મેથી શરૂ થાય એવી શક્યતા છે. થોડા દિવસમાં ગુજરાત બોર્ડ દ્વારા રાજ્યની રજિસ્ટર્ડ સ્કૂલોનું અને એના વિષયવાર શિક્ષકોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરાશે. ત્યાર બાદ ઉત્તરાયણ પછી ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાનાં તબક્કાવાર ફોર્મ ભરાવાનું શરૂ થશે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૦૨૧ની બોર્ડ પરીક્ષાને લઈને એસેસમેન્ટ સર્વિસ માટે ટેન્ડર પણ કરવામાં આવ્યું છે અને જેમાં એજન્સી પાસેથી દરખાસ્તો મગાવવામાં આવી છે. ગુજરાત બોર્ડ દ્વારા હાલ પ્રાયોગિક ધોરણે સૌથી ઓછા વિદ્યાર્થી હોય એવા કોઈ એક ધોરણની બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીઓનું સ્કેનિંગ કરી ઓનલાઈન એસેસમેન્ટ કરાશે.


સત્ય માટે સત્ય સાથે સતત..
ચક્રવાત
ન્યુઝ પેપર & ચેનલ

સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર
નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે આપણું "ચક્રવાત"

વાર્ષિક લવાજમ
Rs ૧૨૦૦/-
તા. ૧ જાન્યુઆરીથી
૩૧ ડિસેમ્બર




આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે
ચક્રવાત ભવન, શાળા નં. ૬૯ સામે, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક, મવડી રોડ, રાજકોટ
Contact Number - 9106617867


Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)